

## 'આ બધું શું થઈ રહ્યું છે ?'

બાજિતપુરમાં પાસેના ઘરમાં એક બાઉલ બઢાઈ ગાતો હતો. એના શબ્દો સંભળાયા ને મા અંતરમાં વ્યાકુળ બની ગયાં.

ચૈતન્યદેવ પણ આમ જ વ્યાકુળ બની જતા હતા ને ! આંખમાંથી આંસુની ધાર, ને ભાવવિભોર દેહદશા !

ગાન તો પછી પૂરું થઈ ગયું, પણ માની વ્યાકુળતા ન ઘટી.

તે દિવસે ઘરઆંગણે કીર્તન થતું હતું. બહાર કીર્તન થતું હતું.

બહાર કીર્તન થઈ રહ્યાં હતાં ત્યાં તો મા જઈ શકતાં નહોતાં.

પોતાના ઓરડામાં ખાટલા પર બેસી સાંભળી રહ્યાં હતાં.

સાંભળતાં સાંભળતાં જ બાહ્ય ભાન લુપ્ત થઈ ગયું ને ભાવજગતમાં પહોંચી ગયાં. એ સાથે જ શરીર પરનું મનનું નિયંત્રણ પણ છૂટી ગયું ને શરીર ખાટલા પરથી ઢળી પડ્યું. એવી રીતે પડ્યું કે હાથની શંખની ચૂડીઓય ભાંગી પડી. બેહોશ બનીને પડ્યાં હતાં. માણસ જલદી જલદી ભોળાનાથને બહારથી બોલાવી લાવ્યો. અંદર રહેલી સ્ત્રીઓ પવન નાંખવા લાગી. તેઓ પાણી છાંટવા જતી હતી ત્યાં જ ભોળાનાથ આવી પહોંચ્યા અને તેમ કરતી અટકાવી કહ્યું : 'તેઓ ધીમે ધીમે આપ મેળે જ ભાનમાં આવી જશે.' પછી તો કેટલીય વારે ભાનમાં આવ્યાં.

આવું તો ઉપરાઉપરી થયા જ કરતું. તેથી લોકોને જાતજાતની વાતો કરવાની તક મળતી. એટલે ભોળાનાથે કહ્યું : 'આ બધું શું થઈ રહ્યું છે ? તને શું થાય છે ? જોને, લોકો કેવી કેવી વાતો કરે છે ?'

ત્યારે તેમણે કહ્યું : "આ બધું એની મેળે જ થાય છે. એમાં હું શું કરું ? ઈચ્છાપૂર્વક તો હું કંઈ કરતી નથી."

ભોળાનાથ પણ એ જાણતા તો હતા જ. પણ વારંવાર આવી જતી ને લાંબા સમય સુધી ટકી રહેતી આવી ભાવસ્થિતિથી ચિંતિત હતા. એટલે જાણવા છતાંય આ અંગે માને ટોક્યા કરતા. વિચારીને તેમણે કહ્યું : "કીર્તન સાંભળવાથી આવી સ્થિતિ થાય છે, તેથી હવે પછી ઘરમાં કીર્તન નહીં કરાવું, જેથી તારી આવી સ્થિતિ ટળી જાય."



ઘરમાં કીર્તનમંડળી તો આવતી બંધ થઈ, પણ એથી કંઈ માની ભાવસમાધિ બંધ થઈ નહીં. તે દિવસે પડોશીના ઘરમાં કીર્તન હતું, એટલે ત્યાંની નાની વહુ માને બોલાવવા આવી. પણ કીર્તનમાં પોતે સ્થિર રહી શકશે નહીં એ જાણતા હતાં એટલે ના પાડી. પણ ખૂબ પ્રેમભર્યો આગ્રહ હતો એટલે ગયાં. અને ખરેખર જેનો ભય હતો એ જ થયું. ભાન ચાલ્યું ગયું. પણ અહીં આ ભાવ સૌની સમક્ષ પ્રગટ થઈ જાય એ તેમને પસંદ નહોતું. એટલે ભાવની શરૂઆત થતાં જ માંડ માંડ ચાલી અંદર ચાલ્યાં ગયાં.

ત્યાં પડેલા ખાટલા ઉપર સૂઈ ગયાં.

કીર્તન પૂરું થયું ત્યારે પણ ભાવમાં જ હતાં. નશામાં હોય ત્યારે વ્યક્તિની જેવી લથડતી ચાલ હોય તેવી ચાલ હતી.

એ સ્થિતિમાં તેમને પકડીને માંડ માંડ ઘેર પહોંચાડ્યાં.

વળી પાછું એક દિવસે પાસેના મકાનમાં કીર્તન થઈ રહ્યું હતું.

બાજુમાં રહેતાં ઉષા દીદીને મા ઉપર ખૂબ પ્રેમભાવ હતો. એટલે ત્યાં લઈ ગયાં ને વાંસની ચટાઈના પરદા પાછળ બેસાડ્યાં.

ત્યાં પણ ભાવદશામાં આવી ગયાં.

વળી, ત્યાં તો પીરસવાનું કામ પણ તેમને સોંપાયું હતું.

મહામહેનતે એ કામ પૂરું કર્યું.

પછી પડતાં-આખડતાં, બારણું પકડી માંડ માંડ બીજા ઓરડામાં પહોંચ્યાં ત્યાં જમીન ઉપર પડી ગયાં. કેટલોય સમય એ જ સ્થિતિમાં રહ્યાં.

તે દિવસે તો માએ મધુબાબુની નાની દીકરીને તેડી હતી. ભાવ-સમાધિ આવી જાય તેવું કંઈ વાતાવરણ જ નહોતું. પણ ત્યાં કીર્તન ગાતી ગાતી મંડળી નીકળી. દૂરથી જ સૂરો સંભળાયા ને ભાન લુપ્ત થવા માંડ્યું. શરીરના સઘળા સ્નાયુઓ શિથિલ બનવા લાગ્યા. શરીર નીચે પડવાની તૈયારીમાં જ હતું. હાથમાં તેડેલી નાની બાળકી પણ પડી જ જાત, પણ ભોળાનાથે આ જોયું ને દોડી આવી પકડી લીધાં ને બાળકીને માના હાથમાંથી લઈ લીધી.

આ અંગે માએ વાર્તાલાપમાં પાછળથી કહ્યું હતું : "તે સમયે શરીર જાણે ઓગળી રહ્યું હોય તેવું થવા લાગે,એટલે શરીર પરનું નિયંત્રણ ચાલ્યું જ જાય. પછી સ્થિર રહી શકે જ નહીં."

કૃષ્ણનું નામ, અરે મયૂરપિચ્છ કે નીલ રંગનું દર્શનમાત્ર ચૈતન્યદેવને વિહ્વળ કરી દેતું અને ભાવદશામાં ઉન્મત્ત બની જતા એમ, દૂરથી સંભળાતા પ્રભુનામના શબ્દના સૂરો માને પણ ભાવદશામાં ડુબાડી દેતા હતા. પછી તો તેઓ કલાકો સુધી

એ જ સ્થિતિમાં રહેતાં. છતાં જાગૃત સ્થિતિમાં હોય ત્યારે બધાં સાથે એટલો વિનમ્ર ને વહાલભર્યો વ્યવહાર રહેતો કે તે સમયે સંપર્કમાં આવનાર કોઈને અંદર ચાલી રહેલી મહાન સાધનાની ખબર ન પડતી અને લોકો ભુલાવામાં પડી જતા. આ જ તો હતી ગૃહસ્થ-જીવનમાં જળકમળવત્ રહીને કરવાની એમની અનોખી સાધના !



મા ગોપીનાથ કવિરાજ સાથે વાતચીત





## અનોખી આરતી

બાજિતપુરમાં એકધારા પાંચ મહિના સુધી રોજ રાત્રે મા નામજપમાં બેસતાં ત્યારે શરીરમાં વિવિધ આસનો અને યોગમુદ્રાઓ થતાં રહ્યાં. એ સમયે અનેક પ્રકારનાં મંત્રો ને સ્તોત્રો પણ મુખમાંથી આપોઆપ ઉચ્ચારાતાં. ઘણીવાર તો રાત્રે એવી અનુભૂતિ થતી કે તેમના શરીરમાંથી જ દેવદેવીઓ બહાર નીકળે છે, પૂજા ગ્રહણ કરે છે, ને પછી શરીરમાં જ પાછાં સમાઈ જાય છે. આ ઉપરાંત, ઘણીવાર એવી પણ અનુભૂતિ થતી કે, શરીર પોતે જ દીપશિખા બની ગયું છે, ને એ દીપશિખા દ્વારા જ પ્રભુની આરતી થઈ રહી છે.''

આ અનુભૂતિ વિશે માએ ભક્તોના પ્રશ્નના ઉત્તરમાં પાછળથી જણાવ્યું હતું : ''આ શરીરનાં અંગોપાંગ દ્વારા આરતી થતી. એ છંદબદ્ધ અને લયબદ્ધ નૃત્ય કરતું. પંચતત્ત્વોની બધી જ ક્રિયાઓ આ શરીરમાં થતી. જે દ્રવ્યો વડે તમે આરતી કરો છો એ પંચતત્વોનાં જ પ્રતીક છે. ધૂપ એટલે ગંધ, શંખ, જલ એટલે જળ, પછી આવરણ એટલે આકાશ, ચમ્મર એટલે વાયુ, દીપક એટલે અગ્નિ. પૃથ્વી, જળ, વાયુ, આકાશ ને અગ્નિ - આ પાંચે તત્ત્વ આ શરીરની આરતીનાં ઉપકરણ બનતા. તેના દ્વારા આરતી થતી. અંતે શંખનાદ એટલે કે જાતની આહુતિ આપી ઈષ્ટદેવ સાથે એક થવું. તે પણ મુખ દ્વારા આ શરીર કરતું. આમ વિધિપૂર્વક આરતી ઊતરતી; પણ કોઈ જોઈ શકતું નહોતું. બધું ગુપ્ત ને ગુપ્ત રીતે થતું. શરીર બધું જોતું ને કરતું.''

તે કાળમાં સાધના માટે જે કંઈ જરૂરી હતું તે બધું જ માના જીવનમાં સહજપણે જ બન્યે જતું હતું.

તેઓ એમાંથી સાક્ષીભાવે પસાર થઈ રહ્યાં હતાં.



## ‘આ શરીર જ શરીરનો ગુરુ !”

“નાનપણમાં ગુરુ હતાં માતાપિતા. લગ્ન પછી માતાએ કહ્યું, ‘હવે તારા ગુરુદેવ તારા પતિ થયા. અને મેં ભોળાનાથને ગુરુપદે સ્થાપ્યા. પણ મારા દીક્ષાગુરુ-વિધિસરના ગુરુ કોઈ નથી. એમ કહી શકાય કે આત્માએ ગુરુપદ સંભાળ્યું; શરીર જ શરીરનો ગુરુ. એ ગુરુની પૂજા શરૂ થઈ. બાહ્ય સમાજમાં ક્યાંય દેવદેવીઓની પૂજા થતી અને આ શરીર જોતું ત્યારે એનામાંથી પણ દેવદેવીઓનું પ્રાગટ્ય થતું. આ શરીર તેમની પૂજા કરતું, વિધિવત્ સ્થાપના કરતું ને પછી વિસર્જન કરતું. દેવો દેહમાંથી પ્રગટતા ને શરીરમાં પાછા સમાઈ જતા. પૂજા અને યજ્ઞોત્સવ માટે ફળ, ફૂલ, ધૂપ, દીપ, નૈવેદ્ય, બધું જ શરીરમાંથી બહાર આવતું. મંત્રો અનાયાસે મુખમાંથી ઉચ્ચારાતા. અમુક દેવનો અમુક મંત્ર છે એવું સ્પષ્ટ સૂચન પણ થતું. તે પ્રમાણે મંત્રોચ્ચાર થતો. બાજિતપુરમાં આ શરીરમાંથી પ્રકાશ પ્રગટતો. આસન, મુદ્રા વગેરે બધું થતું જતું હતું.”

જ્યાં અંતર્યામી પરમાત્મા પોતે જ ગુરુ હોય ત્યાં પછી સાધનાને કોઈ મર્યાદા જ ન રહે. અંતર્યામી પ્રેરે છે. જ્યારે જે સાધનાની જરૂર હોય તે સહજપણે થવા લાગે છે. મનથી વિચારી કોઈ સાધન કરવાનું કે કોઈ બાહ્ય ગુરુની દોરવણીની જરૂર નથી રહેતી. માની સાધના સહજ હતી. અંતરાત્મામાંથી સીધી આવતી. એટલે વરસોની તપશ્ચર્યાથી પણ જે આસનો ને સિદ્ધિઓ ન સાંપડે તે સહજપ્રાપ્ય થતાં હતાં. આ પામ્યા પછી શરીરમાં આટલું બધું તેજ પ્રગટ્યું હતું, તેથી સમગ્ર શરીરને કપડાંથી ઢાંકીને પડ્યાં રહેતાં. છતાં કર્મજીવન સેવા અને ગૃહકાર્યોથી ભરપૂર હતું; પરંતુ અનાસક્તિ-નિર્લેપતાથી સભર હતું. એટલે સંસારની વચ્ચે વસી, સઘળાં કાર્યો કરતાં હોવા છતાં, તે બધાથી સંપૂર્ણપણે મુક્ત હતાં. પરંતુ ગૃહસ્થ હોવાથી પૂરી પતિ-આમન્યા રાખતાં. ઘણીવાર એવું બનતું કે પતિઆમન્યા અંતઃપ્રેરણા કરતાં તદ્દન વિરુદ્ધની હોય, અને જણાવવા છતાં પતિ પોતાની આજ્ઞામાં દૃઢ હોય ત્યારે નિર્લેપભાવે તે કાર્ય કરતાં. પણ એ કાર્ય પછી સિદ્ધ થતું નહીં.

તેમ કરવા જતાં શરીરની સ્થિતિ ખૂબ જ વિચિત્ર બની જતી. પછી ભોળાનાથને ય સહન કરવું પડતું. ધીમેધીમે ભોળાનાથ માની અંતપ્રેરણાને ઓળખવા લાગ્યા. પછી સેવા કાર્ય માટે દુરાગ્રહ ન કરતા.





## ‘એમના જેવી પતિભક્તિ ક્યાંય જોઈ નથી !’

“ભોળાનાથની સેવામાં મા જરીયે ત્રુટિ આવવા દેતાં નહીં. એવી પતિભક્તિ ક્યાંય જોઈ નથી. અબુધ બાળકની માફક આજ્ઞાપાલન કરતાં. પછી ત્યાં કોઈ વિચાર સુદ્ધાં કરતાં નહીં.”

માની સાથે સતત રહેતાં ગુરુપ્રિયાદીદીએ માની પતિભક્તિ વિશે આ કહ્યું હતું. એ સમયગાળામાં પતિ જ ગુરુ હતા. આમ તો પતિનો સ્વભાવ અતિ ઉગ્ર અને ધરાર ધૂની હતો. પણ માની સેવા, આજ્ઞાપાલકતા, ને વિનમ્રતાને લીધે ગુસ્સાનો મોકો જ ઓછો મળતો. તેમની દિનચર્યાનો પૂરા ખ્યાલ રાખતાં. સગવડો સાચવતા. બંને વખત ભોજન કરીને જમાડતાં. રાત્રે પગ પણ દબાવતાં. ચરણસ્પર્શ કરીને સૂવા જતાં. નામજાપ શરૂ કર્યા ત્યારે બધાં જ ઘરકામ આટોપીને, ભોળાનાથ સૂવા જાય પછી જ, જપ શરૂ કરતાં.

તે સમયે પતિ-આજ્ઞા હતી કે પર-પુરુષને મોં ન બતાવવું. એટલે હંમેશાં છાતી સમા ઘૂંઘટમાં જ રહેતાં. કોઈ સાથે વાતચીત ન કરતાં.

આ આજ્ઞામાં એક દિવસ ધર્મસંકટ ઊભું થયું. તે દિવસે માના પિતરાઈ ભાઈ કઠેરાને રંગી રહ્યા હતા. એક હાથમાં પીંછી હતી.

તેમણે કહ્યું, ‘દીદી, મારા મુખમાં પાન મૂકી દે ને !’

મુખમાં પાન મૂકવા જતા હતા ત્યાં આજ્ઞા યાદ આવી. દ્વિધામાં પડી ગયાં કે શું કરવું ? મોઢું જોયા વગર તેમાં કેવી રીતે પાન મૂકાય ?

આખરે રસ્તો કાઢ્યો. મુખ સામે જોયા વિના, મુખની અંદર તાળવા સામે જોઈ, અંદર મૂકી દીધું ! પણ આ આજ્ઞાપાલકતા આટલેથી અટકી નહીં. ભોળાનાથને પણ આ વાત જણાવી ત્યારે સરળતા ને આજ્ઞાપાલકતા જોઈ તે રાજી રાજી થઈ ગયા. પછી તો અનેક લોકો દર્શનાર્થે આવવા લાગ્યા ત્યારે પતિઆજ્ઞા પ્રમાણે જ મા દર્શન આપતાં કે પ્રયોજન પ્રમાણે આવનારની સાથે ટૂંકી વાતો કરતાં.

પણ પતિ કહે નહિ તો કોઈનેય મળતાં નહીં.

કુશારી મહાશયે એક દિવસ પૂછ્યુંય ખરું : ''પતિ આજ્ઞાથી શું આપ કોઈનું ખૂન પણ કરી શકો ખરાં ?''

''હા, ખૂન કરવાય તૈયાર થઉં ખરી. પણ એ સમયે શરીરની સ્થિતિ જુદી થઈ જાય તો વાત જુદી છે !''

પતિ પ્રત્યેની આવી નિષ્ઠા જોઈ કુશારી તો ચકિત થઈ ગયા.

૨૭-૨૮ વર્ષ સુધીનો કાળ ગૃહસ્થાશ્રમનો કાળ હતો. સમર્પણ, સેવા, ત્યાગ, કુટુંબવાત્સલ્ય, આજ્ઞાપાલકતા આ હિંદુ કુલવધૂનાં તમામ લક્ષણો માના સ્વરૂપમાં જાણે સદેહે મૂર્તિમંત થયા હોય એવું આ ગાળામાં જણાતું હતું.

કુલવધૂનાં રૂપમાં પણ સર્વોચ્ચ આદર્શ પૂરો પાડ્યો !

**જીવનપંથનો પ્રવાસ આવો છે. આ સંસારમાં તમારા ઉપર ગમે તે અને ગમે તે પ્રકારનું કામ આવે, તો પણ તેને તમે પોતાનું કર્તવ્ય સમજો. અને તેને તમે તમારી વધારેમાં વધારે ક્ષમતાથી કશીય ક્ષતિ વગર બજાવો. દિવ્ય ધ્યાન દ્વારા, ઈશ્વરના નામરટણ દ્વારા આપોઆપ શક્તિની અભિવ્યક્તિ થવી, એ 'તેનો' સ્વભાવવિશેષ છે. જીવનની બધી પરિસ્થિતિઓમાં મનુષ્યે જેટલું બને તેટલું વધારે જપમાં, ધ્યાનમાં અને એવી બીજી સાધનાઓમાં જોડાઈ રહેવું જોઈએ.**

**- 'શ્રી શ્રી મા'**





# સત્યનો આદર્શ

મા સદાય સત્યાનુવર્તિની હતા. વાતવાતમાં કે કોઈને સારું લગાડવામાં ક્યારેય અસત્ય વાણી ઉચ્ચારી નહોતી. સત્યમયી વાણી અને એવો જ સત્યસંપન્ન વ્યવહાર, એ સહજ સ્વભાવ હતો.

ફક્ત એક જ વખત પતિ સમક્ષ અસત્ય ઉચ્ચાર્યું હતું.

પછી તુરત જ સત્ય વાત જણાવી દીધી હતી.

વાત એવી બની હતી કે ત્યારે તેઓ અષ્ટગ્રામમાં રહેવા આવ્યાં હતાં. ભોળાનાથને જમાડ્યા પછી જ હંમેશાં જમતાં.

તે દિવસે પતિને દાળ વધુ ભાવી એટલે માગી. બધી પીરસી દીધી.

ત્યારે પતિએ પૂછ્યું : 'તારે માટે દાળ છે ને ?'

'માએ વિચાર્યું : ના પાડીશ તો દાળ લેશે નહીં એટલે 'હા' પાડી. તેથી વધારાની બધી દાળ પતિ ખાઈ ગયા ! એ પછી તુરત જ હૃદયમાં પસ્તાવો થવા લાગ્યો : આ રીતે ય જૂઠું શીદ બોલવું જોઈએ ? ગમે તેમ તોય ખોટું જ બોલ્યા કહેવાય.

એટલે તુરત જ પતિ પાસે જઈ સાચી વાત કહી દીધી.

આ સાંભળી પતિ ખૂબ જ ગુસ્સે થઈ ગયા.

માએ પગ પકડી કહ્યું : 'હવે કદી જૂઠું નહીં જ કહું.' એ પછી કદી અસત્ય ઉચ્ચાર્યું નહોતું. સદાકાળ સત્યનું પાલન અને તેના ઉચ્ચારથી વાણી પવિત્ર ને મંત્ર સમી સિદ્ધ બની રહે એમાં કંઈ આશ્ચર્ય નથી !



# 'ફરી આવી વાત કરશો નહીં !'

નિર્મલાનાં લગ્ન થયાં ત્યારે તો વય ઘણી જ નાની હતી. આથી એમનાં કુટુંબીજનોએ બાલિકાવધૂ તરીકે સ્વીકારી લીધાં હતાં. પતિ પણ બાલિકા જ ગણતા. એ રીતે તેમનું ધ્યાન પણ રાખતાં. તેઓ માનતા હતા કે મોટાં થતાં આપોઆપ સ્ત્રીભાવ આવી જશે અને ત્યારે તેમને સંસારધર્મથી અવગત કરાશે. પણ વય વધતી ગઈ તેમ તેમ સાંસારિક ભાવને બદલે ઉત્તરોત્તર આધ્યાત્મિક મહાભાવ વધવા લાગ્યો. એટલે પતિ ક્યારેય એ કરી શક્યા જ નહિ. અંદરખાને તો સંસારધર્મ પાળવાની ઈચ્છા પતિમાં ઘણીવાર જાગી ઊઠતી. પણ પરિસ્થિતિ જ એવી સર્જાઈ જતી કે અમલ કરી શક્તા નહિ. નિર્મલાને વારંવાર આવી જતી ભાવસમાધિ જોઈ સગાંવહાલાં તો એવુંય કહેતાં કે, 'આ પત્ની તને સાંસારિક સુખ આપી શકશે નહિ ને સંસાર બગાડશે. તેના કરતાં તેને છોડી બીજી પત્ની લાવો તો સુખી થશો.'

"પરંતુ નિર્મલાની એકનિષ્ઠ પતિસેવા ને આજ્ઞાંકિતતાએ પતિને પરવશ કર્યા હતા. આથી આવું કહેનાર પર ગુસ્સે થઈ કહેતા : 'ફરી આવી વાત કદી ન કરશો.' તેમ છતાં નિર્મલાની ભાવદશામાં થતી વિચિત્ર સ્થિતિથી ઘણીવાર કંટાળી જતા. ક્યારેક ગુસ્સામાં બોલતાય ખરા : "કેવું વિચિત્ર છે આ બધું ! આવું તો ક્યાંય જોયું નથી !"

જવાબમાં ફક્ત મૌન જ મળતું; કેમકે, સ્વેચ્છાએ તો કશું જ એ કરતાં ન હતાં. જે થઈ રહ્યું હતું તે પણ કદી ઇચ્છ્યું નહોતું !

દેહ ભલે નારીનો હતો, આત્મા તો પરબ્રહ્મ સાથે સીધો સંકળાયેલો હતો. આથી સ્ત્રી શરીરમાં સહજરૂપે સ્ફુરતા આવેગો ક્યારેય જન્મ્યાં નહોતા. માનવદેહના વિકારોથી વિમુક્ત હતાં. સઘળો વ્યવહાર ઊર્ધ્વ ચેતનાથી જ થતો. વિકાર જાગી ઊઠતા ખરા પણ એ ભાવે પાસે જતા તો માનવવિકારો એને સ્પર્શી શકતા નહીં. એટલે હિંદુ પ્રણાલીમુજબ લગ્ન ભલે કર્યાં હતાં, પણ સ્ત્રીભાવનો અભાવ હતો.

શરીરનો ભાવ જ ન હોય ત્યાં શરીરના વિકારો સંભવે જ ક્યાંથી ?

ભોળાનાથની ભેગાં એક જ પથારીમાં સૂઈ જતાં, પણ કદી વિકાર ઉદ્ભવ્યો જ ન હતો. પરંતુ ભોળાનાથના મનમાં જો ઉદ્ભવે તો નિર્મલાનું શરીર લાકડા



જેવું જડ થઈ જતું. શરીરમાં એવું એવું થવા લાગતું કે ઘણીવાર તો નિર્મલાના જડવત્ શરીરને પૂર્વવત્ થતાં ઘણો સમય લાગતો. એ માટે ઘણીવાર તો ભોળાનાથને રાતભર પ્રયત્નો ચાલુ રાખવા પડતા ત્યારે છેક પરોઢિયે ચેતના પાછી આવતી.

આવી સ્થિતિ જોઈ પતિના વિકારો શમવા લાગ્યા ને પવિત્ર ભાવનો ઉદય થયો. છતાં નિર્મલાને મા તરીકે સ્વીકારતાં પહેલાં તો લાંબી સાધનાની મુશ્કેલીભરી મજલ કાપવી પડી !

પોતાના શરીરની વાત કરતાં માએ ભક્તોને કહ્યું હતું : "આ શરીરમાં કામવાસના ન હતી. કદાચ આ શરીરને તેનું પ્રયોજન નહીં હોય. પ્રયોજન વિના તો ક્યારેય કશું પ્રગટતું નથી."

આ ઉપરાંત ભોળાનાથની વિકારી દૃષ્ટિને પરિણામે શરીરની શી સ્થિતિ થતી એ વિશે પણ જણાવ્યું હતું : "આ શરીરને અંગસ્પર્શની આવશ્યકતા ક્યારેય જણાઈ નથી. પથારીમાં પડ્યા પછી ભોળાનાથમાં કામવિકાર ઉત્પન્ન થતો તો આ શરીર તુરત જ ભારે થઈ જતું. તેમાં અકલ્પ્ય ફેરફાર થઈ જતા. એવી સ્થિતિ જોઈ એ તુરત જ શાંત થઈ જતા. સ્વસ્થ બનવા લાગતા અને મનમાં પુનિત ભાવ ઉદય પામતો. તમે એવું પૂછશો કે આ શરીરમાં ભોગભાવ કેમ ન ઉદ્ભવ્યો ? તો આ 'કેમ'નો કશો અર્થ નથી. પછી તો એમ પણ કહેશો કે અંગ્રેજીમાં કેમ વાત કરતાં નથી ? અંગ્રેજો કે બીજી જાતિનો ખોરાક કેમ લેતાં નથી ? એ લોકો જેવા ભાવ તમારામાં કેમ આવતા નથી ? આવા 'કેમ'ના તો અનેક પ્રશ્નો ઊભા થાય. કેમ જઈશ ? ક્યાં જઈશ ? ક્યારે જઈશ ? આવી પ્રશ્નોની હારમાળા ઊભી થાય. પણ તેનો કશો અર્થ નથી. આ શરીર વિશે બેપાયાદારને બેહૂદી ઘણીયે વિગતો પ્રસારિત થયા કરે છે, પણ વિના પ્રયોજન કોઈ વસ્તુ ઉત્પન્ન થતી નથી."

નિર્મલાનું શરીર તો નિર્વિકારી હતું. પણ ભોળાનાથના શરીરમાં ભોગભાવ જાગતો તો નિર્મલાને તુરત જ ખબર પડી જતી.

તે રાત્રે આવું જ બન્યું. ભોળાનાથમાં કામવિકાર જાગ્યો.

નિર્મલા પાસે જ સૂતાં હતાં. તુરત ખબર પડી ગઈ.

આંતરિક શક્તિથી એ કામવિકારને પોતાની અંદર ખેંચી લીધો.

તુરત જ ભોળાનાથ શાંત થઈ ગયા. પણ એથી નિર્મલાના નખ કાળા પડી ગયા. શરીરનો રંગ પણ થોડો શ્યામ થઈ ગયો.

આ બધું નજરે નિહાળી ભોળાનાથ ભયભીત બની ગયા.

તુરત જ ખૂણામાં ચાલ્યા ગયા ને મોટેથી જપ કરવા લાગ્યા.

આવા બીજા અનુભવની વાત માએ પોતાની શિષ્યાને આ રીતે કરી હતી :

''એકવાર ભોળાનાથ પડખે સૂતા હતા. એમના કામી સ્વભાવનો આભાસ મળતાં મારું શરીર ખેંચાયું. ને એકદમ ટટ્ટાર બેઠું થઈ ગયું. આપમેળે વિવિધ મુદ્રાઓ અને આસનો થવા લાગ્યાં. ભોળાનાથ બધું જોતા હતા. એ ડરી જઈ મારાથી દૂર ચાલ્યા ગયા. ઘણીવાર આ શરીરને કામવિકારની જાણ થઈ જતી, ત્યારે શરીર એકદમ જમીન પર આળોટવા માંડતું.

પછી શબની જેમ નિષ્પ્રાણ પડ્યું રહેતું.

ખાવાપીવાનું, બોલવાનું, ઊભા થવાનું, બધું જ બંધ થઈ જતું.

એવું લાગતું કે જાણે ટૂંક સમયમાં પ્રાણ નીકળી જશે. આવી દશા દેખી ભોળાનાથ આકુળવ્યાકુળ બની જતા. ખૂબ બેચેની અનુભવતા. પછી વિકાર અદૃશ્ય થઈ જતો.''

વિકારી ભાવ કેવો હોય તેની નિર્મલાને ખબર જ ન હતી !

પુરુષના સ્પર્શથી સ્ત્રીનાં તન-મનમાં વિકારી ભાવ જાગે છે તેનો પણ કદી અનુભવ થયો નહોતો. આ વિશે માએ કહ્યું હતું :

''લગ્નજીવનની શરૂઆતથી પતિ તરીકે ભોળાનાથનો પૂરો સ્વીકાર કર્યો હતો. એમને મારા આશ્રયદાતા માનતી. ભોળાનાથ આ શરીરને પત્ની તરીકે નહીં, સહાયક તરીકે પણ માનતા. તમે લોકો જાણો છો, વાંચો છો, સાંભળો છો, અનુભવો છો અને કહો છો પણ ખરા કે પુરુષના શરીરના સંસ્પર્શથી, તેની નિકટતાથી સ્ત્રીના મનમાં વિકારભાવ ઉત્પન્ન થાય છે. પણ ભોળાનાથે આ શરીરનો ઘણીવાર સ્પર્શ કર્યો છે. પરંતુ એમનામાં વિકાર જેવું ક્યારેય જણાયું નથી. એક જ પથારીમાં ભોળાનાથ આ શરીર સાથે સૂઈ જતા ત્યારેય કોઈ વિકાર જાગ્યો નથી. સદાય એ વિકાર રહિત રહ્યું છે.

પણ ભોળાનાથના મનમાં કદી વિકાર જાગ્યો નહોતો એવું નથી, જીવભાવને લઈ, મિત્રોના કુસંગને કારણે ઘણીવાર વિકાર જાગતો. લગ્ન પછી ભોળાનાથે જોયું કે આ શરીરમાં કામવિકારનું કોઈ લક્ષણ નથી, ત્યારે કહેતા કે ડૉક્ટરી તપાસ કરાવવી પડશે. પણ પછી આવા દુન્યવી વિચાર લાંબો સમય મનમાં ટકતા નહીં. આંખે આ શરીરના દૈવીભાવો અને વિવિધ અવસ્થાઓ જોતા. પછી એને અતિ પવિત્ર માની અવિકારી ભાવે જોતા થયા. દામ્પત્યના વચગાળામાં લોકચઢવણી અને પોતાની કહેવાતી પ્રતિષ્ઠાની જાળવણી માટે ભોળાનાથ કામવાસનાની વાતો કરવાનું વિચારવા લાગ્યા. પણ એ શક્ય ન બનતું. મૃત્યુ પૂર્વે તો તેમનું ચિત્ત, શુદ્ધ, પવિત્ર અને નિર્વિકાર બની ગયું હતું. ઉદાત્ત ભાવોનો ઉદય થયો હતો. પણ એક સમયે ક્રોધ,



કુસંગ ને કહેવાતી મિત્રોની ખોટી ચઢામણીથી રીસાઈ જઈ ધમકી આપતા : 'મારા કહ્યા પ્રમાણે નહીં વર્તો તો બાવો બની જઈશ. ઘર છોડી નાસી જઈશ. આડે રસ્તે વળી જઈશ.'' પણ હું મૌન રહેતી. ક્રોધની આત્યંતિકતા સંગદોષને લીધે હતી. પણ ધીમે ધીમે નિર્મલાની પવિત્રતાએ સંગદોષની અસરોને નિર્મૂળ કરી દીધી.

પછી તો આકરી તપશ્ચર્યા કરી નિર્વિકાર બની ગયા હતા.

ભોળાનાથ સાથે માનો વ્યવહાર સહજ ને ખુલ્લો હતો.

બાહ્ય રીતે પત્ની તરીકે ફરજો બજાવતાં હતાં, છતાં દુન્યવી કોઈ જ બંધનથી બંધાયેલાં નહોતાં.

એકવાર કુશારી મહાશયને ત્યાં મા ને ભોળાનાથ બંને બેઠાં હતાં.

માએ અચાનક જ પતિને કહ્યું : 'તમારા ખોળામાં માથું મૂકી સૂઈ જવું છે.'

આમ કહી ઊઠ્યાં. ખરેખર સૂતાં. તેમને માટે તો આ સહજ કાર્ય હતું.

ભોળાનાથ સાથેનો સંબંધ પણ આત્માનો જ હતો : નિર્મલ, નિર્વિકાર ને નિસ્પૃહ. તેથી આ રીતે સૂવામાં તેમને કોઈ ક્ષોભ-સંકોચ નહોતો થતો. પણ ભોળાનાથને ખૂબ ક્ષોભ થયો. એટલે ખોળામાંનું મસ્તક નીચે મૂકી દીધું ને પોતે દૂર જઈને બેઠા. મા તો જ્યાં સૂતા હતા. ત્યાં જ પડ્યાં રહ્યાં.

કુશારી આ બધું જોતા હતા, આવું વર્તન જોઈ આશ્ચર્ય ઊપજ્યું. આ અંગે પૂછ્યુંય ખરું, પણ મા મૌન રહ્યાં. તેથી ભોળાનાથે કહ્યું :

''લગ્ન પછી અમારું જીવન આમ જ ચાલે છે. એ મારાં પત્ની છે એ વાત ખરી, પણ પત્ની સાથે પતિને હોય છે તેવો સંબંધ અમારો નથી. હું એમને 'દેવી' માનું છું. એ ભાવથી પ્રેરાઈને વર્તું છું.''

ધીમે ધીમે માના દિવ્ય ભાવને ભોળાનાથ ઓળખતા થયા. તેમને સમજાયું કે નિર્મલા સાંસારિક સુખ ભોગવવા જન્મી નથી. મન સંસારમાં જરાય આસક્ત નથી. આનંદસ્રોત આ દુનિયામાંથી આવતો નથી. તેમાં એક અનુભૂતિએ નિર્મલાના આંતર પ્રકાશનું દર્શન કરાવી દીધું. પછી વિચારધારા સદંતર પરિવર્તન પામી. તે રાત્રે મા ભાવાવેશમાં હતાં. ભોળાનાથે જોયું કે પ્રકાશનું એક વલય નિર્મલાની ચોમેર રહી રક્ષણ કરી રહ્યું છે. નિર્મલાને તો આ વિશે કંઈ જ ખબર નહોતી. તેમને તો બાહ્ય ભાન જ નહોતું. આ દિવ્ય દર્શન પછી ભોળાનાથનું બાહ્ય ભાન જાગી ગયું. ખાતરી થઈ કે એ કોઈ સામાન્ય સ્ત્રી જેવી નથી, એ સાક્ષાત્ દેવી રૂપ છે. એ પછી પત્નીભાવ ઓગળવા મંડ્યો. તેમના મૃત્યુ પૂર્વે મોઢેથી સતત 'મા... મા' ઉચ્ચાર્યું હતું ને ખરા અર્થમાં માના બાળક બની ગયા હતા.

તે પૂર્વેય માના શિષ્ય, બાહ્ય રીતે માના શરીરરક્ષક બની ગયા.



# અનોખી દીક્ષા

માની સાધનાભૂમિની જેમ, બાજિતપુર દીક્ષાભૂમિ પણ બની રહ્યું. સામાન્ય રીતે દેહધારી ગુરુ, મંત્રદીક્ષા આપી, શિષ્યને યોગમાર્ગમાં પ્રવેશ કરાવે છે. પણ આ તો અભૂતપૂર્વ દીક્ષા હતી.

આવા પ્રકારની દીક્ષાનો જોટો આલમના આધ્યાત્મિક ઇતિહાસમાં જવલ્લે જ જડે; કેમકે, અહીં તો ગુરુ પણ એ જ અને શિષ્ય પણ એ જ. મંત્ર, મંત્રદાતા ને મંત્રને ગ્રહણ કરનાર પણ એ જ. પરબ્રહ્મ પરમાત્મા પોતે જ. તેથી જ સ્વયંભૂપણે મળેલી આ દીક્ષા અનોખી બની રહી.

તે દિવસ હતો શ્રાવણી પૂર્ણિમાનો. ઇ.સ. ૧૯૨૨ના ઓગસ્ટની ત્રીજી તારીખ. બંગાળમાં આ પૂર્ણિમાને ઝૂલણ પૂર્ણિમા કહે છે.

માએ તે સાંજે રસોઈ બનાવી. આશુ ને ભોળાનાથને જમાડી સાંજની સઘળી સેવા સમેટી લીધી.

પોતાની ભોજનથાળી પણ પીરસી રાખી.

એ દિવસોમાં તેઓ નામજપ ને સાધના-ક્રિયા બાદ મધરાતે થોડું જમતાં. પછી આસન પાથરી ઓરડામાં બેઠાં.

થોડીવારમાં તો આંગળીઓ આપોઆપ જ જમીન પર કશું દોરવા લાગી. જોયું તો તે એક ગહન યંત્રચક્ર હતું. પછી શરીરમાંથી દેવદેવીઓ સૂક્ષ્મ સ્વરૂપે બહાર નીકળ્યાં અને એ યંત્રમાં પોતપોતાને સ્થાને વિરાજ્યાં. થોડીવારમાં તો શરીર આપોઆપ યૌગિક ક્રિયાઓ કરવા લાગ્યું.

પછી પૂજા શરૂ થઈ. પૂજા પૂરી થતાં અંદરથી જ એક બીજમંત્ર પ્રગટ્યો. એનું વારંવાર ઉચ્ચારણ કર્યું. જમીન પર દોરેલા યંત્રમાં આંગળીથી એ મંત્ર લખ્યો.

આમ અંતરમાંથી સ્ફુરેલો ગુરુમંત્ર શિષ્ય બની પોતે જ સ્વીકાર્યો.

પછી તેમને જપવા લાગ્યાં.

હૈયે હાથ મૂકી એનો જપ કર્યો.

પછી મસ્તકે હાથ રાખી આ મંત્ર જપ્યો.



તે આખી રાત આમ જ વીતી. ભોજનની પીરસેલી થાળીયે એમ ને એમ જ પડી રહી.

પ્રભાત પ્રગટ્યું ત્યારે દીક્ષા, મંત્રગ્રહણ, ને મંત્રજાપ બધું જ પૂરું થયું; એટલે ત્યાં સૂક્ષ્મદેહે પ્રતિષ્ઠિત થયેલા સર્વ દેવો માના શરીરમાં પાછાં સમાઈ ગયા.

સવારે તો માને ઘરકામ કર્યા વગર છૂટકો જ નહોતો.

પણ બધો જ વખત ચિત્ત તો ભગવદ્ભાવમાં જ લીન હતું.

આશુને તૈયાર કરી, ખવડાવી નિશાળે મોકલ્યો.

ભોળાનાથ જમીને નોકરીએ ગયા.

પછી બપોરે ફરી સમય મળ્યો એટલે બારણું બંધ કરી બેઠાં.

પોતાના હાથેથી લીંપી આસન બનાવ્યું.

પછી આપોઆપ સંધ્યાપૂજા કરવા લાગ્યા.

પ્રથમ પૂજા થઈ મહાશક્તિની. અલબત્ત ત્યાં કોઈ મૂર્તિ નહોતી.

પણ સર્વવ્યાપ્ત વિશ્વની વિરાટ શક્તિની એ પૂજા હતી.

રાત્રે મળેલ બીજમંત્ર દ્વારા આ પૂજા થવા લાગી. પૂજાનો સઘળો વિધિ પણ જાણે મંત્રમાંથી આપોઆપ પ્રગટી રહ્યો હતો.

અન્ય દેવોની જે રીતે પૂજા કરાય છે એવી જ પૂજા થઈ રહી હતી. એ પછી થઈ દેવતાઓની પૂજા. પણ ત્યાં કોઈ દેવની સ્થૂલ મૂર્તિ તો હતી જ નહીં. એમના દેહમાં જ દેવતાઓનો આવિર્ભાવ થતો હતો, એટલે સ્વયંભૂ રીતે એ શરીરની જ પૂજા કરવા લાગ્યાં.

પુષ્પો પણ પોતાના જ શરીર ઉપર ચઢાવ્યાં !

પછી સર્વ દેવતાઓને આસનસ્થ કર્યાં.

છેક સાંજ સુધી પૂજા ચાલી.

આશુ નિશાળેથી પાછો ફર્યો ત્યાં સુધી, બારણું બંધ રાખી, એમાં જ મગ્ન હતાં. પછી ઊઠવું તો પડ્યું. પણ બધા જ કામ આટોપી, રાત્રે સંધ્યાનુષ્ઠાન કરી, ફરી પૂજા આરંભી.

તે દિવસે નિયમાનુસાર સંધ્યા કરી. પછી ક્યારેય સંધ્યા કરી નહોતી.

અલબત્ત પૂજા લાંબા ગાળા લગી ચાલુ રહી.

પછી તો પરબ્રહ્મમાં ચેતનાનો સંપૂર્ણ લય થઈ ગયો.

ન સંધ્યાની, ન પૂજાવિધિની કે ન દેવતાઓને નમવાની જરૂર જ રહી.

પરબ્રહ્મ પોતે જ ત્યાં પૂર્ણરૂપે પ્રકાશતા હતા, ત્યાં કોણ કોની પૂજા કરે ? કોણ કોને પ્રણામ કરે ?



## દીક્ષા પછી સાધનાનો વેગ વધ્યો !

પરમાત્માએ સ્વયંભૂપણે માને મંત્રદીક્ષા આપી.

પછી તેઓ સાધનાના વિવિધ અનુભવો કરાવવા લાગ્યા.

દિવસે ભરપૂર કામ, પતિસેવા ને રાત્રે સાધનાની અનુભૂતિઓ - બંને ક્રિયાઓ ચાલતી રહી.

પછી તો સાધનાની ક્રિયાઓ એટલી વેગવંત બની ને વિવિધ અનુભૂતિઓનું પ્રમાણ અને સમયગાળો એટલા વધવા લાગ્યા કે પહેલાં પેઠે હવે ઘરનાં કાર્યો બરાબર થઈ શકતાં નહોતાં.

પોતાને સ્ફુરેલા મંત્રનો રાત્રે જપ કરતા ને થોડી જ વારમાં ચેતનાની સ્થિતિ બદલાઈ જતી. સાથે શરીરની સ્થિતિ પણ પરિવર્તન પામતી. આસન, પ્રાણાયામ, મુદ્રાઓ થતા રહેતાં. મંત્રજાપ ને પ્રણવમંત્ર (ૐ)નો જપ ચાલવા લાગતો. વેદભાષા સંસ્કૃતનાં જેવાં સૂક્તો પણ મુખમાંથી પ્રગટવા લાગ્યાં.

ઊર્ધ્વમાંથી સીધી ઊતરી આવતી આ દિવ્ય વાણીનાં સૂક્તો વિશે 'ભાઈજી'એ 'માતૃદર્શન' પુસ્તકમાં લખ્યું છે :

"મહાભાવમાંથી મા શાંતભાવમાં પાછાં આવતાં ત્યારે શરીરમાં વિવિધ યોગક્રિયાઓ આપોઆપ થતી. એ અવસ્થામાં પ્રથમ અસ્પષ્ટ ધ્વનિનો ગુંજારવ સંભળાતો. પછી થોડીવારે, વાવાઝોડાના તોફાની આઘાતાથી સમુદ્રના પ્રવાહોના તરંગ વહેવા માંડે તેમ, દેવભાષામાં મધુર છંદવાળી સત્યવાણી મુખમાંથી આપોઆપ અખંડિત વહેવા લાગતી.

તે વખતે એવો ખ્યાલ આવે કે મહાવ્યોમમાંથી વિવિધ રાગિણીઓના અપૂર્વ ઝંકાર સાથે સત્ય વાણીનું મૂર્તરૂપ ધારણ કર્યું છે. મુખમાંથી એ છંદબદ્ધ સંસ્કૃત વાણી ટપકતી. તે વખતે ઉચ્ચાર કેટલા બધા શુદ્ધ, સ્વરચિત છંદોનો કેટલો હૃદયસ્પર્શી પ્રવાહ, એમના મુખે રમી રહેલું પાવન નિર્મલ તેજ, બધું જ આશ્ચર્ય પમાડે. પ્રખર પંડિતો હજાર પ્રયત્ને પણ આવી છટા અને શૈલીથી એ મંત્રો અને સૂક્તો ભણી શકે કે કેમ તે શંકા છે."



આપોઆપ સ્ફુરતી દેવવાણીની આ ભાષા સર્વથી સમજી શકાય તેવી નથી. જ્યાંથી વાણી પ્રગટે છે, જે પરા-પશ્યન્તી વાણી કહેવાય છે, એ વાણી દિવ્ય લોકમાંથી સીધેસીધી માની અંદર પ્રગટવા લાગી. નહીં તો તેઓ પોતે તો ત્યારે સંસ્કૃત ભાષા જાણતાં પણ નહોતાં. છતાં વેદમંત્રો જેવાં આવાં સૂક્તો પ્રગટ થવા લાગ્યાં.

બધાં સૂક્તો તો કંઈ નોંધી પણ શકાયાં નથી. પાછળથી કેટલાક નોંધાયાં છે. તેનું પંડિત ગોપીનાથ કવિરાજ જેવા સંસ્કૃતના મહાવિદ્વાનોએ અર્થઘટન કર્યું છે.

તે ઉપરથી જાણી શકાય છે કે, વેદવાણી પણ આ જ રીતે ઋષિઓની સાધનાને પરિણામે તેમના અંતરમાંથી સ્વંભૂપણે પ્રગટી હશે.

માના જીવનમાં હવે નવો વળાંક આવ્યો. રાતભર સાધના ચાલતી. દિવસે પણ સાધનાનું દબાણ અનુભવાતું. ભાવનો આવેગ તો ચાલુ જ હતો. અને ત્યારે તો શરીર એવું શિથિલ થઈ જતું કે ઊભું રહેવું જ મુશ્કેલ બની જતું.

ઘરનાં કામકાજની તો વાત જ ક્યાં કરવી ? પહેલાંની ભોળાનાથની સેવા પણ હવે કરી શકતાં નહોતાં. ઊલટું ભોળાનાથ ને તેમનું ધ્યાન રાખવું પડતું !

અત્યાર સુધી જે કુલવધૂ ને ગૃહસ્વામિનીનો પાઠ ભજવવાનો હતો તે જાણે હવે પૂરો થયો. એ પાઠ પણ સર્વોચ્ચ રીતે ભજવ્યો.

હવે દીક્ષા પછી એમને યોગિનીનો પાઠ જાણે ભજવવાનો હતો !

હવે યૌગિક જીવનને અનુરૂપ જ સઘળી ક્રિયાઓ થવા લાગી.

ખાવું, પીવું, બોલવું, કાર્યો કરવાં બધું જ બદલાઈ ગયું.

જુદા જ પ્રકારનું જીવન હવે શરૂ થયું, જેમાં હતાં મૌન, એકાંત, સાધના અને તપશ્ચર્યા. આ સાધનામાં તો ઘણી ઉત્કટ સ્થિતિ પણ આવી જતી, પરંતુ તેઓ એકલાં જ આ બધી સ્થિતિમાંથી પસાર થતાં.

આ વિશે ગુરુપ્રિયા દીદીએ પાછળથી પૂછ્યું હતું :

"મા, બાજિતપુરથી તમે એકલાં એકલાં ઘરમાં રહ્યાં તેમાં, તમારી આવી સ્થિતિ થઈ ગઈ. એથી શો લાભ મળ્યો ? મને તો કંઈ દેખાતો નથી."

ઉત્તરમાં માએ કહ્યું હતું : "એ બધાની જરૂર હતી, તેથી તેવા ભાવો થતા હતા. સાધનાની બધી ક્રિયાઓ એકાંતમાં થવી જોઈએ, તેથી એમ થયું હતું."

માના ગૃહજીવન જેવું જ એકાંત-સાધનાનું જીવન પણ કઠોર તપશ્ચર્યાથી ભરપૂર હતું.



## 'તમે કોણ છો ?'

'આ બધાં નર્યાં ધતિંગ છે ! એમ કંઈ હાલતાચાલતાં ભાવાવેશ થોડા આવી જાય ? દાદા, તમે આવું ધતિંગ હવે ચલાવો નહીં. નહીંતર વધતું જશે.' વારંવાર આવી જતા ભાવાવેશે જોઈ ભોળાનાથના મામાના દીકરા નિશિકાંત ભટ્ટાચાર્યે ભોળાનાથને કહ્યું : વધુમાં ઉમેર્યું : 'તેમની આવી પ્રવૃત્તિઓ ઉપર તમે શા માટે ધ્યાન આપો છો ? જેમ વધુ ધ્યાન આપશો તેમ વધુ ને વધુ વધતું જ જશે. મારું માનો તો, હવે આવું ચલાવતા જ નહીં, એની મેળે બધું ઠેકાણે પડી જશે.'

ઓરડાના ખૂણામાં બેઠાં બેઠાં મા આ સાંભળતાં હતાં. એકાએક ભાવ બદલાઈ ગયો. માથેથી સાડી સરી પડી. વાળ વિખરાઈ ગયા. જાણે મહાકાળીનો આવિર્ભાવ થયો હોય એવાં બની ગયાં.

ગર્જના કરી નિશિકાંત તરફ ફરી બોલ્યા : 'શું બક બક કરો છો ?'

આ રુદ્રભાવ જોઈ નિશિબાબુ તો ડરી જ ગયા.

માનું આવું સ્વરૂપ તો ક્યારેય કોઈએ જોયું નહોતું. ઘૂંઘટમાં ચૂપચાપ રહેતાં માનું આ નવું રૂપ જોઈ ભોળાનાથ પણ ડઘાઈ ગયા !

પછી માએ કઠોર ભાવને કોમળ કરી સ્મિતપૂર્વક નિશિકાંતની દાઢી પકડી મૃદુતાથી કહ્યું : 'ડરી ગયા કે ? ડરશો નહીં. પૂછવું હોય તે પૂછો.'

ખૂબ હિંમત ભેગી કરી નિશિકાંતે પૂછ્યું : 'તમે કોણ છો ?'

માએ એ જ ભાવમાં સ્પષ્ટ ઉત્તર આપ્યો : 'પૂર્ણ બ્રહ્મ નારાયણ.'

આ સાંભળી ભોળાનાથ ને નિશિકાંત દિગ્મૂઢ બની ગયા. ભોળાનાથથી રહેવાયું નહીં એટલે પૂછ્યું : 'તું કોણ છે ?'

ઉત્તર મળ્યો : 'મહાદેવી.. મહાદેવ.'

'તો હું કોણ છું ?' ભોળાનાથે ફરી પૂછ્યું.

'મહાદેવ.' આ સાંભળી ભોળાનાથ ચૂપ થઈ ગયા.

'તમે આસન, સંધ્યા વગેરે ક્રિયાઓ શા માટે કરો છો ? શું તમે દીક્ષા લીધી છે ?' 'હા, લીધી છે.' 'કોની પાસે ?'



'એ'ની પાસે.' પણ નિશિકાંત કંઈ સમજી શક્યા નહીં.

'એ' અંગે આગળ પૂછવાની હિંમત પણ ન ચાલી.

એટલે બીજો પ્રશ્ન પૂછ્યો : 'શું રમણીની દીક્ષા થઈ ગઈ છે ?'

"ના, તેમની દીક્ષાને હજી પાંચ માસ બાકી છે. સૌર અગહનની પંદરમી તારીખે ગુરુવારે બીજને દિવસે એ થશે."

"અને નક્ષત્ર ?" "ખાસ નક્ષત્રમાં થશે." "એ ક્યું ?"

"જાનકી બાબુને પૂછો. એ ત્યાં બેઠાં બેઠાં તળાવમાંથી માછલાં પકડે છે."

"અત્યારે માછલાં પકડતાં ક્યાંથી બેઠા હોય ત્યાં ? અત્યારે તો ઓફિસમાં બેઠાં હશે."

"તમે ત્યાં જઈને જુઓ તો ખરાં !" માએ કહ્યું.

એટલે પછી નિશિકાન્ત ત્યાં ગયા, તો સાચે જ જાનકીબાબુ ત્યાં બેઠાં બેઠાં માછલાં જ પકડતા હતા ! નિશિકાન્તને નવાઈ લાગી.

પછી થયું કે જાણતા હશે એટલે જ કહ્યું.

જાનકીબાબુને પણ ત્યાં ઘરમાં તેડી લાવ્યા. પછી પચાંગ જોયું તો માએ આપેલા દિવસે નક્ષત્ર બરાબર બંધબેસતું હતું. એટલે ભોળાનાથની દીક્ષાનો એ દિવસ આ રીતે નક્કી થઈ ગયો. બધી વાત સાંભળી જાનકીબાબુએ માને ફરી પૂછ્યું : "આપ કોણ છો ?"

અંતરના ઊંડાણમાંથી ફરી એ જ ઉત્તર : "પૂર્ણ બ્રહ્મ નારાયણ."

"તો આપની શક્તિનો કંઈક પરિચય તો આપો." જાનકીબાબુએ કહ્યું. હવે સ્વરૂપને પ્રગટાવવાનો સમય આવી પહોંચ્યો છે એવું લાગતાં માએ ભોળાનાથને પાસે બેસાડ્યા.

એક મંત્ર બોલી તેમના બ્રહ્મરંધ્રને સ્પર્શ કર્યો. ભોળાનાથ શાંત ને સ્થિર થઈ ગયા.

આંખો ઉપર ચઢી ગઈ. ઊંડી સમાધિમાં ઊતરી ગયા. મા પણ સઘન સમાધિમાં સરકી ગયાં.

બંનેને જોતાં નિશિકાન્ત અને જાનકીબાબુ પણ ચૂપચાપ બેસી રહ્યા.

એક કલાક ઉપર સમય વીતી ગયો. સાંજ પડી ગઈ.

આશુ નિશાળેથી ઘેર આવી ગયો. ઘેર આવતાં પોતાના કાકાને આ રીતે સ્થિર થઈ ગયેલા જોયાં.

પાસે કાકીમાં પણ આંખો બંધ કરી ચૂપચાપ બેઠાં હતાં. પાસે બેઠેલાં બધાં ભયભીત હતાં.

આવું દૃશ્ય દેખી આશુ તો મોટેથી રડવા જ મંડ્યો.

આખરે જાનકીબાબુએ માને પ્રાર્થના કરી : "ભોળાનાથને પાછા ભાનમાં લઈ આવો. આશુ ખૂબ રડે છે."

પાછો સ્પર્શ કરતાં ભોળાનાથ ધીમે ધીમે આ જગતમાં આવવા લાગ્યા. પૂરેપૂરું ભાન આવ્યું ત્યારે બોલ્યા : "અહાહા, કેવો અદ્‌ભૂત આનંદ હતો ! હું ક્યાં હતો ? ત્યાંથી મને અહીં પાછો કોણ લાવ્યું ?"

એ અદ્‌ભૂત આનંદની અનુભૂતિની પ્રસન્નતા ને શાંતિ એમના ચહેરા ઉપર પ્રગટ કરી રહ્યાં હતાં. માની શક્તિનું આ પ્રત્યક્ષ પ્રમાણ નજરોનજર નિહાળ્યું એટલે જાનકીબાબુએ તો માને શક્તિસ્વરૂપો તરીકે હવે સ્વીકારી લીધાં. નિશિકાંતે પણ ત્યાર પછી માની શક્તિ વિશે ક્યારેય શંકા કરી નહીં.

જાનકીબાબુના પત્ની તો ઘણા સમયથી માનાં ભક્ત બની ગયાં હતાં. તેમને તો એટલી દૃઢ શ્રદ્ધા હતી કે તેનો માંદો પુત્ર કોઈ ઉપાયે સાજો થતો નહોતો, એટલે પુત્રને મા પાસે લઈ આવ્યાં. માનો હાથ પુત્રના મસ્તકે મૂકાવ્યો ને તેને સાજો કરી દેવાની માને પ્રાર્થના કરી.

ને.....ખરેખર પુત્ર સાજો થઈ ગયો !

ત્યારથી જાનકીબાબુનાં પત્ની તો માને સાક્ષાત્ જગદંબા તરીકે જ માનતાં હતાં ને ખાસ ધ્યાન રાખતાં. ખાસ કરીને ભાવાવેશ વખતે મા પાસે જ બેસી રહેતાં. કોઈ તકલીફ ન પડે તેનું ધ્યાન રાખતાં.

જોકે તેમના પતિને મામાં આવી શ્રદ્ધા નહોતી. પણ આ પ્રત્યક્ષ પારખું મળતાં માનો સ્વીકાર કર્યો. પણ તેઓ, નિશિકાંત કે ભોળાનાથ માના પૂર્ણ બ્રહ્મ નારાયણના સ્વરૂપને હજુ પૂરેપૂરું પિછાણી શક્યા નહીં.

એ ઓળખવા માટે તો હજુ ઘણી સાધના કરવી પડે તેમ હતું.





## ભોળાનાથની દીક્ષા

હજુ પણ માની સઘળી સાધના રાત્રિના અંધકારમાં, ગુપ્તપણે જ ચાલતી હતી. ભોળાનાથ સિવાય કોઈને ય જાણ થતી નહીં.

પણ સાધનાનો પ્રકાશ ક્યાંથી છૂપો રહે ? માના સંસર્ગમાં આવનાર સર્વને આનો અનુભવ થવા લાગ્યો.

પણ માએ હજુ અવગુંઠન દૂર કર્યું ન હતું. આથી આ આંતર પ્રકાશ પૂર્ણપણે બહાર વિસ્તર્યો નહોતો. મા સ્વ-ઈચ્છાથી તો કદી કશુંય કરતાં નહીં. ઊર્ધ્વમાંથી આવતી સીધી પ્રેરણા જ કર્મમાં પ્રેરતી હતી. માનાં સઘળાં કાર્યો સહજ હતાં. અગાઉથી આયોજિત એટલે કે મનની ભૂમિકામાંથી થતાં કાર્યો માએ કદી કર્યાં જ નહોતાં. છતાં બધાં કાર્યો જાણે ઊર્ધ્વમાં ગોઠવાયેલાં હોય અને પછી સ્થૂળ ભૂમિકા પર ઊતરી આવતાં હોય, એવી રીતનાં માનાં કાર્યો થતાં રહેતાં.

ભોળાનાથની દીક્ષા પણ એવી જ રીતે સંપન્ન થઈ.

દીક્ષાનો દિવસ તો અગાઉથી નક્કી જ હતો. તે દિવસે સવારે માએ નિત્યકર્મ કર્યાં. ભોળાનાથ જાણતા હતા, પણ પત્ની દીક્ષા આપે એ ગમતું નહોતું, હજુ પતીપણાનો તેમનો અહંકાર પૂરો ઓગળ્યો ન હતો. આથી માને હાથે દીક્ષા લેવા ઉત્સુક નહોતા.

તેથી તેમણે તે દિવસે સવારે એનો કંઈ ઉલ્લેખ જ ન કર્યો.

કંઈ જ બોલ્યાચાલ્યા વગર, કંઈ પણ ખાધાપીધા વિના, તેઓ વહેલા ઓફિસે જતા રહ્યા.

દીક્ષા પહેલાં ઉપવાસ કરવાનો હોય અને આમ તેમને અચાનક જ ભૂખ્યા રહેવાનું ગોઠવાઈ ગયું !

દીક્ષાનો સમય થયો. માએ બોલાવવા એક માણસ મોકલ્યો. તો પતિએ કહેવડાવ્યું : "બહુ જ કામમાં છું. અત્યારે નહીં આવી શકું."

આમ, દીક્ષા લેવાનું જ ટાળતા હતા. પણ પ્રભુની યોજનામાં તો એ પહેલેથી જ ગોઠવાયેલું હતું. મનથી ભલેને ગમે તેટલું ટાળવાનો પ્રયત્ન કરે, પણ કંઈ ચાલવાનું નહોતું.

તેઓ આવ્યાં નહીં એટલે માએ ફરી કહેવડાવ્યું : 'નહીં આવો તો જાતે તેડવા આવું છું.'

તેઓ જે કહે તે કરશે જ તેની પતિને ખબર હતી, એટલે ગભરાયા કે અહીં ઓફિસમાં આવશે તો વધુ મુસીબત સર્જાશે.

આથી ઝટપટ ઘેર પહોંચી ગયા. ઘેર આવ્યા એટલે માએ ધોયેલાં વસ્ત્રો આપ્યાં કહ્યું : "સ્નાન કરી આ પહેરીને આવો."

ભોળાનાથના મનમાં અત્યાર સુધી જે ધૂંધવાટ ને વિરોધ ચાલી રહ્યા હતા, તે માની સામે આવતાં ક્યાંય અદૃશ્ય થઈ ગયા ને નાનાં બાળકની જેમ ચૂપચાપ માની આજ્ઞા સ્વીકારી લીધી.

કંઈ પણ બોલ્યા કર્યા વગર સ્નાન કરવા ગયા.

ભોળાનાથ સ્નાન કરીને આવ્યા.

સામે પાથરેલા આસન પર બેસવા માએ ઈશારો કર્યો.

તે વખતે મા ભાવસ્થિતિમાં હતાં. તેમના મુખમાંથી મંત્ર પ્રગટ્યો.

પછી ભોળાનાથે એનો પુનરુચ્ચાર કર્યો.

માએ ત્રણવાર ઉચ્ચારણ કર્યું.

ભોળાનાથે અનુસરણ કર્યું. આમ દીક્ષામંત્ર મળ્યો.

એ જ ભાવસ્થિતિમાં ડૂબેલાં માએ આ મંત્રનો જપ કેવી રીતે કરવો તેની અને તેના નિયમોનું પાલન કરવાની સૂચનાઓ પણ આપી.

ભોળાનાથે મસ્તક હલાવી સ્વીકાર કર્યો.

આમ, મા પતિના જ પ્રથમ ગુરુ બન્યાં.

પ્રારંભમાં અંતરેચ્છા ન હોવા છતાં, માને ગુરુપદે સ્વીકારવા પડ્યાં !

શાસ્ત્રોક્ત દીક્ષા કેવી રીતે અપાય એ માએ અગાઉ કદી જોયું નહોતું. દીક્ષા શી રીતે આપવી તેની કોઈ જ પદ્ધતિ જાણતાં નહોતાં. છતાં એમણે જે દીક્ષા આપી, જે રીતે આપી, એ બધું બરાબર શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે જ હતું !

પાછળથી ભોળાનાથને એની ખબર પડી ત્યારે માની મહાનતાનો પરિચય થયો. પત્ની પાસેથી દીક્ષા લેવી પડી એ અણગમતો ભાવ મનમાંથી ઓગળી ગયો.





# મૌન

સાધના અખંડ ચાલતી હોય છે, અંતરાત્મા પરમાત્મામાં લીન થયેલો હોય છે, ત્યારે બાહ્ય જગત સાથેનો વ્યવહાર મુશ્કેલ બની જાય છે. દિવ્ય ભાવના તરંગોમાં આત્મા, મન, પ્રાણ ને દેહ સુદ્ધાં તરંગિત બની ગયાં હોય છે. તે વખતે સપાટી ઉપરના બનાવો ને ઘટનાઓ આ તરંગોમાં ક્ષોભ ઉત્પન્ન કરી દે છે. આથી મહાભાવમાં સાધના ચાલતી હોય છે ત્યારે એકાંત, મૌન અને બાહ્ય ભૌતિક જગતની અલિપ્તતાની આવશ્યકતા રહે છે. માની સાધનામાં જે જે વસ્તુઓની જરૂર ઊભી થઈ તે બધું ઊર્ધ્વમાંથી એમની અંદર સહજપણે ઊતરી આવ્યું.

માના જીવનમાં હવે મૌન ઊતરી આવ્યું. ઈ.સ. ૧૯૨૨ના ડિસેમ્બરથી મૌન ધારણ કર્યું. સતત ત્રણ વરસ સુધી મૌનભાવમાં રહ્યાં. બાહ્ય જગતની તમામ વાતચીતોથી અલિપ્ત, પોતાના આંતર જગતમાં લીન ને પરમાત્મા સાથે તદ્રૂપ.

આ ગાળામાં બહારથી વ્યક્તિઓ સાથેનો સંપર્ક રહ્યો નહોતો.

અનિવાર્ય હોય તો જ ભોળાનાથ સાથે એક-બે શબ્દો બોલી લેતાં.

નહીંતર વાતચીત તો નહીં, પણ ઈશારાથી યે સમજાવવાનું નહીં. મૌન એટલે સદંતર મૌન.

આ વિશે માએ પાછળથી જણાવ્યું હતું :

"તે વખતે એકલા ભોળાનાથને જ એક-બે વાત કહી શકતી. એથી વિશેષ કશું મારાથી બોલી શકાતું નહોતું."

આવું મૌન બાજિતપુરમાં એક વરસ ને ત્રણ મહિના સુધી ચાલ્યું હતું. બીજો તબક્કો શાહપુરમાં એક વરસ ને નવ મહિના સુધી ચાલ્યો. આમ કુલ ત્રણ વરસ મૌન-સાધના ચાલી.

મૌનાવસ્થામાં કેવી સ્થિતિ હતી તેનું વર્ણન કરતાં 'ભાઈજી' 'માતૃદર્શન'માં કહે છે : 'એવું લાગતું કે બાહ્ય જગત સાથેનો સંપર્ક જાણે છૂટી ગયો છે. મૌન-સમયની એમની સ્થિતિ જોવાનું સૌભાગ્ય મને બેત્રણ વાર સાંપડ્યું છે. તે સમયની

તેમની જડ જેવી પ્રશાંત મૂર્તિ, સૌમ્ય દૃષ્ટિ ને ઉજ્જવળ મુખશ્રી જોઈ, ભક્તિ-શ્રદ્ધાથી હૃદય ગળગળું થઈ જતું.'

પ્રથમ વખત મૌન ધારણ કર્યું ત્યારે તેમને પ્રથમ વખત જોનારાઓ તો દુઃખી દુઃખી થઈ જતાં ને કોઈ કોઈ તો અરેરાટી કરતાં બોલી ઊઠતાં : "અરેરે, વિધાતાએ આ શું કર્યું ? આટલા બધા ગુણ આપ્યા છતાં આવી સ્વરૂપવાન સ્ત્રીને મૂંગી બનાવી !"

પરંતુ માની સાધનાને જાણનારા જોઈ શકતાં હતાં કે મૌનના સાધનાકાળમાં વિરાટ ભાવ આવી ગયો હતો. શરીરમાં જાણે બહારની તેમજ અંદરની ક્રિયાઓ અટકી પડી હોય ને સ્વપ્રતિષ્ઠિત થઈને રહ્યાં હોય એવું દેખાતું હતું.

બહારના જગત સાથેનો વ્યવહાર બિલકુલ બંધ ને કેવળ અંતરસ્થ. 'સ્વ' સાથે જ સતત અનુસંધાન જાળવી રાખીને એ જ મહાભાવમાં રહેવું એ આ ગાળાની સાધના હતી.

મૌન વિશે માએ શિષ્યને કહ્યું હતું : "મૌન પાળવું હોય તો મન અને પ્રાણને એકસાથે ચિંતનમાં જોડી દો. બહારથી ને અંદરથી લાકડા કે પથ્થર જેવા બની જાવ. જો કેવળ વાક્સંયમ જ મેળવવો હોય તો જુદી વાત છે !"

પરમ ચેતનામાં ચિત્તનો લય કરી એ જ સ્થિતિમાં રહેવાની આ સાધના પણ, અન્ય સાધનાઓની જેમ જ, એમને માટે તો સહજ જ હતી. પરંતુ સતત મહાભાવમાં રહેવાને કારણે બાહ્ય ક્રિયાઓમાં હવે પરિવર્તન આવી ગયું. જીવનવ્યવહાર બદલાઈ ગયો. મનનાં પરિમાણો તો હતાં જ નહીં. દેહનાં પરિમાણો ય બદલાવા લાગ્યાં. હવે તો દિવસે ય મોટેભાગે આંતરભાવમાં જ ડૂબેલાં રહેવાં લાગ્યાં.

આ સ્થિતિમાં બહારનાં કાર્યો કરવા અશક્ય હતાં.

રસોઈ કરતાં કરતાં, બાહ્ય ભાન ચાલ્યું જતાં, દાઝી જતાં.

દેહનું પણ ભાન રહેતું નહીં. ખાવાપીવાનું પણ ભાન રહેતું નહીં.

આવી ભાવદશામાં પતિ-સેવા ક્યાંથી થઈ શકે ?

ઊલટાનું ભોળાનાથે ઘણીવાર ખવડાવવું-પિવડાવવું પડતું.

ભોળાનાથ બહાર જાય ત્યારે માની સતત ચિંતા રહેવા લાગી.

આથી વિધવા બહેન વિશિમાને પોતાને ત્યાં બોલાવી લીધાં.

વિશિમાને મા ઉપર પહેલેથી જ ઊંડો પ્રેમભાવ હતો.

તેઓ આવતાં, રસોઈ ને બહારનાં કાર્યોમાંથી માને મુક્તિ મળી.

હવે કોઈ બાહ્ય જવાબદારી રહી નહીં, એટલે બધો જ વખત પરમાત્માના ધ્યાનમાં નિમગ્ન રહેવા લાગ્યાં.





## 'શું મારી સાથેય નહીં બોલો ?'

મૌન-સાધના ચાલતી હતી ત્યારે સૌથી નાના દિયર યામિનીબાબુ બાજિતપુર આવ્યા હતા.

ખૂબ નાના હતા ત્યારે તેમનાં મા ગુજરી ગયાં હતાં.

મા વિહોણો બાળક મોટી બહેનો અને ભાઈઓ વચ્ચે ઊછર્યો.

મા સાસરે આવ્યાં ત્યારે યામિની બાબુની ઉમ્મર ઘણી નાની હતી.

આથી મા સાથે આત્મીયતા હતી. મા પાસે થોડો સમય રહેવા માટે જ ખાસ આવ્યા હતા. પણ મા તો મૌનમાં હતાં. કંઈ જ વાતચીત કરતાં નહોતાં. એટલે યામિની બાબુને ખૂબ દુઃખ થયું.

મનમાં વિચાર્યું : 'શું કરું તો બહુ'દી મારી સાથે બોલે ?'

શું કરવું તે સમજાતું નહોતું. એક દિવસ તો રહેવાયું જ નહીં.

એટલે મા પાસે જઈ સીધું કહ્યું : 'બહુ'દી, શું મારી સાથે પણ નહીં બોલો ?'

એવા દુઃખી ભાવે કહ્યું કે એમનો સાચો ભાવ માના અંતરને સ્પર્શી ગયો. પણ પોતાની ઈચ્છાથી તો તે કંઈ કરતાં જ નહોતાં.

આ પ્રસંગ વિશે પાછળથી માએ કહ્યું હતું : "પણ મારી ઈચ્છાથી તો કશું કરતી ન હતી. એમણે આવું કહ્યા પછી, થોડીવારમાં જે ઠેકાણે હું બેઠી હતી ત્યાં શરીરનું કૂંડાળું વળી ગયું. પછી અંતરમાંથી ઠેલો મારીને જાણે કોઈ બહાર નીકળવા લાગ્યું. મુખમાંથી સ્તોત્રો અને મંત્રો નીકળવા લાગ્યા. એ પછી એમની સાથે વાતો કરી શકી. ત્યારથી મારા માટે વખત-કવખત હતો જ નહીં. કેટલીક વાર તળાવ ઉપર ગઈ હોઉં તો ત્યાં પણ એ પ્રમાણે શરીરનું કોકડું વળી જતું અને હું બોલવા માંડતી. પછી આપોઆપ બોલવાનું બંધ થઈ જતું. મારા શરીરનું કોકડું છૂટી જતું અને ઊઠી જતી. આવું તો કેટલીયે વાર બનતું."

આમ મૌનની સ્થિતિમાં પણ દિવ્યવાણીનું અવતરણ મામાં થયા કરતું. એ પ્રવાહ એમની ભીતરમાંથી પ્રગટ પણ થતો રહેતો પણ ત્યારે એ દિવ્ય વાણીને સમજી શકનાર કોઈ કરતાં કોઈ ત્યાં નહોતું !



## 'ત્રણ દિવસ રાહ જુઓ !'

સાધના ઉત્કટપણે ચાલી રહી હતી.

ભાવજગત દિનપ્રતિદિન વધુ ને વધુ ગહન બનતું જતું હતું.

ત્યારે બીજી બાજુ બાહ્ય મુશ્કેલીઓ પણ કંઈ ઓછી નહોતી.

ભોળાનાથની નોકરી છૂટી ગઈ.

ઘર પણ ન રહ્યું.

આવક પણ ન રહી.

તમામ બાહ્ય મુશ્કેલીઓ ખળભળાવી મૂકે તેવી હોવા છતાં, એની વચ્ચેય તદ્દન અલિપ્ત રહી સાધના ગહનપણે ચાલતી જ રહી.

ભોળાનાથ બાજિતપુરમાં ઢાકાની નવાબજાદી પ્યારીબાનુની એસ્ટેટમાં નોકરી કરતા હતા. પણ હવે એસ્ટેટમાં કામ બરાબર ચાલતું ન હોવાથી એસ્ટેટ સમેટી લીધી, એટલે ભોળાનાથને છૂટા થવું પડ્યું. હવે બીજી નોકરીની શોધમાં ઢાકા આવ્યા. ત્યાં ઘર ભાડે રાખ્યું, પણ નોકરી મળતી નહોતી. આવક બંધ હતી એટલે ઘરનું ગાડું ગબડાવવાની પણ મુશ્કેલી ઊભી થઈ. આ સ્થિતિમાં તેમણે નક્કી કર્યું કે માને તેમના પિયર વિદ્યાકૂટ મૂકી આવવાં.

આ અંગે વાત કરતાં માએ કહ્યું : 'ફક્ત ત્રણ દિવસ તમે રાહ જુઓ. નોકરી ન મળે તો પછી મને વિદ્યાકૂટ મૂકી જજો.'

ખરેખર ત્રીજે જ દિવસે નોકરી મળી ગઈ. પહેલાં કરતાં ઊંચા દરજ્જાની ને સારા પગારની. આ નોકરી હતી ઢાકાના નવાબના શાહબાગના મેનેજરની. રહેવા માટે શાહબાગમાં જ મોટું મકાન મળ્યું. મા વિદ્યાકૂટ જવાને બદલે ભોળાનાથ સાથે રહેવા આવ્યાં કે જ્યાંથી અત્યાર સુધી અંતરગુફામાં છૂપાવેલો માનો પ્રકાશ સર્વત્ર પ્રસરવાનો હતો ને ઘૂંઘટમાં ઢંકાયેલી દિવ્ય દૃષ્ટિ સઘળાં આવરણોને હટાવી અંતરનાં અસંખ્ય અંધારાંને દૂર કરવાની હતી.





## સાધનાની વિવિધ અનુભૂતિઓ

સાધના વધુ વેગે ચાલવા લાગી. સાધનાની ભૂમિકાઓ પણ બદલાવા લાગી. દર્શનો ને અસંખ્ય અનુભૂતિઓ થવા લાગ્યાં.

એવી પણ અનુભૂતિ થવા લાગી કે ધ્યાનમાં બેસતાં ત્યારે વિરાટ જ્યોતિનું દર્શન થતું ! પોતે વિરાટ જ્યોતિની મધ્યમાં બેઠેલાં છે એવોય અનુભવ થયો. હાલતાંચાલતાં દર્શન થતાં નહીં પણ તેનો પ્રભાવ તો અંદર સતત રહેતો જ. પોતાની છાયા પ્રકાશમય દેખાતી.

રાત્રે જ્યોતિર્મય શરીરનાં દર્શન પણ કરતાં.

વિવિધરંગી જ્યોતિઓનાં દર્શન પણ થતાં.

આંતરભાવમાં વધુ ને વધુ તદ્રૂપ બનતાં ગયાં તેમ તેમ 'હું સાધના કરું છું.' એ કર્તૃત્વનો ભાવ પણ ઓગળવા લાગ્યો. એ પરમ પ્રકાશ એમના સમગ્ર અસ્તિત્વમાં અંદર-બહાર પૂર્ણપણે વ્યાપી રહ્યો. સર્વમાં હું છું, મારામાં સર્વ છે, ને સર્વમાં સર્વ છે' એ અનુભૂતિ સતત કરવા લાગ્યાં.

આ ભાવમાં સાધનાનું કર્તૃત્વપણું વિલીન થઈ ગયું.

સર્વમાં રહેવા 'એ' એમનામાં વ્યાપી ગયાં.

આ ગાળામાં પોતાની અંતઃપ્રેરણા પ્રમાણે સાધનાકાળના કઠોર નિયમોનું વ્રતપાલન પણ કર્યું હતું.

વહેલી સવારે પ્રાતઃસ્નાન કરી લેતાં. કશું પારકું ખાતા નહીં.

આચારવિચાર પાળવામાં જરાય ત્રુટિ રહેવા દેતાં નહીં.

આ વિશે તેમણે કહ્યું હતું : ''જે ઘરમાં મારામાં જુદી જુદી ક્રિયાઓ થતી તે ઘરની બહાર ચોતરફ બબ્બે હાથ સુધીની જગ્યા તદ્દન સ્વચ્છ રાખતી. તણખલુંય રહેવા પામતું નહીં. ચોમેર ધૂપિયું લઈ ધૂપ કરી આવતી. મારા દિવસ-રાત શી રીતે જતાં તેનીય ખબર પડતી નહીં.''

અખંડ સાધનાને પરિણામે આધ્યાત્મિક ક્ષેત્રની વિવિધ ભૂમિકાની અનુભૂતિ કરવા લાગ્યાં. એક ભૂમિકા એવી આવી કે ભગવાન, પૂજા, ઉપાસના જેવું કંઈ

જ રહ્યું નહીં. બધું જ જાણે મિથ્યા બની ગયું. તે દિવસે રસોઈ બનાવતાં બનાવતાંય સૂઈ ગયાં.

અંદર એવો ભાવ જાગ્યો કે જગતમાં જાણે કંઈ છે જ નહીં. બધું જ મિથ્યા છે. આ વિશે પાછળથી તેમણે પોતે જ કહ્યું હતું : ''સાધક પાગલ થઈ જાય તેવી આ અવસ્થા છે.''

બીજી એક અવસ્થા એવીયે અનુભવી કે સઘળું શૂન્ય જ છે. જગતનું અસ્તિત્વ છે જ નહીં. જે દેખાય છે તે કંઈ જ નથી, બધું શૂન્ય છે. આ શૂન્યભાવનો પણ અનુભવ કર્યો હતો.

બુદ્ધના નિર્વાણની ભૂમિકામાંથી પણ પસાર થયાં હતાં.

આમાંથી પસાર થતાં હતાં ત્યારે પથ્થરની પેઠે જડ થઈ બેસી રહેતાં હતાં. જાણે તેમનામાં કંઈ ચેતન છે જ નહીં !

સમાધિમાં સરી પડતાં ત્યારે જગતનું કશું જ જ્ઞાન રહેતું નહીં. સમાધિનો આ સમયગાળો લાંબો ચાલતો. બાહ્ય ચેતના લુપ્ત થઈ જતી. આ સ્થિતિમાં સમાધિમાં લાંબો સમય સ્થિર બેસી રહેવાથી શરીર નિષ્ક્રિય થઈ જતું. વાણી અટકી જતી. સઘળો વ્યવહાર બંધ થઈ જતો. સમાધિમાંથી બાહ્ય ચેતનામાં પાછા ફર્યા પછી પણ અંગો સહેલાઈથી પૂર્વવત્ થતાં નહીં.

પછી તો શબ્દો ઉચ્ચારવાનુંય મુશ્કેલ બની જતું.

ઘણી વખત તો ચૂપચાપ પડ્યા રહેતાં. શરીરમાં હોવા છતાં શરીરથી પર, પરબ્રહ્મ સાથે તદ્રૂપ. ત્યારેય દેહભાન તો રહેતું જ નહીં.

ઘણીવાર મોંમાંથી લાળ ટપકતી. એમાં મધ જેવો મીઠો રસ ભળેલો હોવાથી મોઢા ઉપર કીડીઓ ચઢી જતી.

'ભાઈજી' 'માતૃદર્શન'માં લખે છે : ''ઘણી વખત હાથપગ ને ડોક વાંકાં વળી જતાં. એમ જ લાગે કે હવે સીધાં જ નહીં થાય. પછી ધીમે ધીમે પૂર્વવત્ બની જતાં. મા કહેતાં : 'કોઈકવાર મારા શરીરમાંથી જ્યોતિની છટા બહાર નીકળી ચારે દિશા ઉજાળી દેતી અને એ જાણે આખા વિશ્વમાં પથરાઈ જતી. એ અવસ્થામાં વખતોવખત આખું શરીર વસ્ત્રથી ઢાંકી એકાંતમાં પડ્યાં રહેતાં.''

માના સમાધિભાવના એક અપૂર્વ દૃશ્યનું વર્ણન 'ભાઈજી'એ આ પ્રમાણે કર્યું છે : ''એકવાર મા આમતેમ આંટા મારતાં મારતાં વિચારમાં ને વિચારમાં ઘરમાં આવીને બેઠાં. કોઈની સાથે વાત કરતાં કરતાં દૃષ્ટિ એકાએક સ્થિર થઈ ગઈ. આખું અંગ શિથિલ થઈ ગયું. ભાવ લોકાતીત બની ગયો, અને ઢળી પડ્યાં.



આથમતા સૂર્યની માફક, લૌકિક ભાવ ધીમેધીમે આથમી ગયો.

શ્વાસગતિ ધીમી થતાં બંધ પડી ગઈ. જીભ અટકી ગઈ.

આંખો મીંચાઈ ગઈ. શરીર એકદમ ઠંડુંગાર.

હાથપગ લાકડા જેવા.

અંગેઅંગ વસ્ત્રની માફક ઢીલાં.

શરીર જે બાજુએ ફેરવો તે બાજુએ ઢળી પડે તેવું પણ મુખ લાલચોળ ને બંને ગાલો દિવ્ય આનંદની જ્યોતિથી ઝળહળતા. લલાટ પર પ્રશાંત સ્નિગ્ધતા પથરાઈ ગઈ. દેહની ચેષ્ટાઓ બંધ, પણ શરીરનાં રોમેરોમથી તેજ નીકળ્યા કરતું હતું. ધીમે ધીમે ગંભીર સમાધિભાવમાં લીન થયાં. ખાસ્સાં દસબાર કલાક વીત્યા. પછી જાગૃત કરવાના પ્રયત્નો થવા લાગ્યા. પણ વ્યર્થ.....એમની હથેળીઓ અને પગનાં તળિયાં જોરથી ઘસવા માંડ્યા. હાથ-પગને મુક્કા મારવા માંડ્યા પણ કંઈ કામયાબ ન નીવડ્યું. ભાન આવવા લાગતું ત્યારે આપોઆપ આવી જતું.''

મા સમાધિમાંથી જાગૃત થતાં ત્યારે શ્વાસ-ગતિ શરૂ થતી. ધીમે ધીમે શ્વાસ દીર્ઘ થતો. શરીરનું હલનચલન પણ ધીમે ધીમે શરૂ થઈ જતું. કોઈ દિવસ પાછા અચેતન થઈ જતાં ને શરીર પાછું પૂર્વાવસ્થામાં જવા કોશિશ કરતું. આંખ ઊઘડતાં અપલક દૃષ્ટિથી ઘણી વાર જોઈ રહેતાં. પછી એની મેળે આંખ બંધ થઈ જતી.

એકવાર આ રીતે સમાધિમાંથી બહાર આવ્યાં પછી ઘણી મહેનતે ચલાવાયાં. મુખમાં કંઈ ખાવાનું મૂક્યું. પણ પાછાં અચેતન બની સમાધિમાં સરી પડ્યાં. કલાક સુધી તેમાં જ ડૂબેલાં રહ્યાં.

સમાધિમાંથી જાગૃત થતાં ત્યારે મુખ ઉપર અપૂર્વ પ્રકાશ વ્યાપેલો રહેતો. બાહ્ય ભાન આવતું હોય ત્યારે ઘણીવાર હસતાં, રડતાં બંને ક્રિયાઓ એકસાથે કરતાં. સમાધિમાં હોય ત્યારે મુખ ઉપર આનંદ કે અફસોસનો કોઈ ભાવ જણાતો નહીં. મૃતવત્ દશા થઈ જતાં.

ઘણીવાર તો ચાર-પાંચ દિવસ સુધી સમાધિ ઊતરતી નહીં. ત્યારે તો એવું જ લાગતું કે જાણે પ્રાણનો કોઈ સંચાર જ થતો નથી.

હિમ જેવા ઠંડા બની ગયેલા શરીરમાં પ્રાણ પાછા આવશે કે કેમ તેની શંકા થવા લાગતી.

'સમાધિ વખતે શો અનુભવ થાય ?' આવા પ્રશ્નના ઉત્તરમાં પોતાની અનુભૂતિની વાત કરતાં માએ જણાવ્યું હતું : ''સર્વપ્રકારે કર્મ ને ભાવનું પૂર્ણ સમાધાન તેનું નામ સમાધિ.જ્ઞાન જ્ઞાનથી પર અવસ્થા. તમે જેને સવિકલ્પ કહો છો તે પણ

આ છેવટની સ્થિતિએ પહોંચવા માટે જ છે. આ પણ સાધના જ સમજજો. પ્રથમ રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દાદિ, પાંચ તન્માત્રાઓનું ગમે તે એક તત્ત્વ, વસ્તુ કે વિચાર ઉપલક્ષ્ય બની રહે અને એટલામાં જ શરીર જામી જાય છે. પછી એ જ લક્ષ્ય સર્વમય થઈ, અજ્ઞાનને ધીમે ધીમે લય કરી, એક જ તત્ત્વમાં પ્રતિષ્ઠિત કરે છે. એવી રીતની અવસ્થા પ્રાપ્ત થાય ત્યારે એનું પરિણામ એ આવે છે કે તે એક સત્તા પણ ક્યાંક મળી જાય છે. ત્યાર પછી શું છે કે શું નથી, તે સમજવા માટે કોઈ ભાષા કે અનુભૂતિ રહેતી નથી.'' જ્યાં કેવળ એ જ છે, નથી વાણી, નથી વિચાર, નથી અનુભૂતિ, ફક્ત એ જ. જ્યાં અસ્તિત્વ જ એનામાં લય પામી જાય, પછી અલગતા રહેતી જ નથી, એ સમાધિની ચરમ અવસ્થામાં દિવસો સુધી મા પડ્યાં રહેતાં : સ્થળ ને કાળથી પર, પરમ ચૈતન્યમાં તદ્રૂપ, તદાકાર.

ઘણીવાર સમાધિ સ્થિતિમાં માના શરીરની સ્થિતિ પણ વિચિત્ર બની જતી. શ્વાસ દીર્ઘ બની જતો. શરીર મરડાઈ જતું ને ગમે તે બાજુ વાંકું વળી જતું. તે સમયે સૂઈ જતાં અથવા તો હાથપગનું ગૂંચળું વાળીને પડ્યાં રહેતાં. ક્યારેક તે સમયે થોડી સભાનતા રહેતી. તેથી કોઈ પૂછે તો ધીમે ધીમે બે શબ્દો બોલતાં.

'તે સમયે આપની એવી વિચિત્ર સ્થિતિ કેમ થઈ જતી ?' પાછળથી ભક્તોએ પૂછેલા આ પ્રશ્નના ઉત્તરમાં કહ્યું હતું કે, ત્યારે તેમના મૂલાધારથી સહસ્રાર સુધી મેરુદંડની અંદર એક સૂક્ષ્મ પ્રાણ-પ્રવાહનો અનુભવ થતો. એમના સમગ્ર અસ્તિત્વમાં, રોમેરોમમાં એક અનિર્વચનીય, અપૂર્વ ભાવ એ જગાડતો. તે વખતે મહાઆનંદના ખેલમાં શરીરના પ્રત્યેક અણુ-પરમાણુ નાચી ઊઠતા. ત્યારે તેઓ જેમને જોતાં, સ્પર્શતાં તે બધું જ જાણે પોતાનું જ અભિન્ન રૂપ હોય એવું લાગતું હતું. આ સિવાય શરીરનો કોઈ ભાવ રહેતો જ નહીં. એ સમયે એમના મેરુદંડનું સુપેરે માલિસ કરાતું તો થોડી જ વારમાં સ્વાભાવિક ભાવમાં આવી જતાં.

'ભાઈજી' લખે છે : ''એ અવસ્થામાં મા મૂર્તિમંત આનંદરૂપિણી રૂપે પ્રકાશતાં અને જાણે એ પ્રેમમાં તરબોળ થઈ ગયાં હોય એવો ભાવ આંખમાં, વાતમાં ને વ્યવહારમાં વર્તાતો.''

સાધનાની અનેક ભૂમિકાઓ છે. ચેતનાનાં અનેક સ્તરો આવેલાં છે. સાધનાવસ્થામાં મા આ બધાંમાંથી પસાર થયાં હતાં. જે સ્થિતિએ પહોંચતા તેને પાર કરતાં ઉગ્ર તપસ્વીને પણ લાંબો સમય લાગે તેમાંથી ઝડપથી પસાર થઈ ગયાં. માએ પોતે જ આ વિશે જણાવ્યું છે : ''મારી કોઈ અવસ્થા વધુ વખત ટકતી નહીં. એક પૂરી થાય ન થાય ત્યાં તો બીજી શરૂ થઈ જતી ! અને બીજી પછી ત્રીજી.''



આમ, સૂક્ષ્મ ભૂમિકાઓના પ્રદેશોને ખૂબ ઝડપથી પાર કરી, તેઓ પોતે જે હતાં તે બ્રહ્મરૂપ બની ગયાં. પોતાની ભાવાવસ્થા વિશે પણ જણાવ્યું હતું : ''આ શરીરની ભીતરમાં કેટલુંય બન્યા કરે છે. પરંતુ એ બધું લાંબું નભતું નથી. કેટલાક ભાવો તો થોડા સમય રહી અળપાઈ જાય છે. દાખલા તરીકે, તમે કોઈ ચોપડી વાંચી હોય અને તેમાંથી અમુક હકીકત બતાવવી હોય તો તે હકીકતનું પાનું ઉથલાવ્યું એટલે ચાલ્યું.''

આમ, માને માટે તો વિવિધ અનુભૂતિ હકીકતનાં પાનાં ઉથલાવવા જેવી જ હતી. પરંતુ ચેતનાનાં બધા જ પ્રકારનાં સ્તરમાંથી ભલે ઝડપથી પણ પસાર તો થવું જ પડ્યું. સાધનાના ક્ષેત્રના નિયમોને સ્વીકારીને, ચૈતન્ય સીડીનાં પગથિયાં ઝડપથી ચઢી, મા એ પૂર્ણબ્રહ્મની વિરાટ ચેતના જ બની ગયાં, કે પછી જ્યાં સાધનાની કોઈ જ અનુભૂતિ શેષ રહેતી નથી.

> **દરેક સ્વરૂપમાં, દરેક સંપ્રદાયમાં, દરેક ધર્મમાં સર્વવ્યાપક ભગવાન જ છે – તે એક માત્ર છે. ઈશ્વરપ્રેમ માટે આતુર થવું એ અહોભાગ્ય છે; ખરી રીતે એ એની જ કૃપા છે. મનુષ્યનો પ્રેમ પૂરેપૂરી રીતે પરમાત્મા તરફ ઢાળી દેવો જોઈએ. અને તો જ શાન્તિ અને આનંદ પામી શકાય. તેનાં ચરણકમળોમાં જ સદા શરણું શોધો. તેનો – અનન્યનો સાક્ષાત્કાર કરવો, એ માણસનો અધિકાર છે. એને માટે સત્યનો માર્ગ ખુલ્લો જ છે.**
>
> **– 'શ્રી શ્રી મા'**



# ભોજન અંગેના વિવિધ નિયમો

આ સાધનાકાળમાં માની તપશ્ચર્યા અતિ ઉગ્ર હતી. શરીરમાં વિવિધ ક્રિયાઓ થતી ત્યારે મા દિવસો સુધી ખાવાનું ટાળતાં.

રાત્રે સાધનામાં બેસતાં ત્યારે ભોજન ન કરતાં.

પણ સાધનાક્રિયા પૂરી થયા બાદ, મધ્યરાત્રિ પછી, થોડું ખાઈ લેતાં.

ઘણીવાર તો આખી રાત સાધના ચાલતી અને ભોજન થતું જ નહીં. પછી આખો દિવસ કશું જ ખાતાં નહીં. આવા પાંચ મહિના વિતાવ્યા હતા.

એ પછી બધી વસ્તુઓ ભેગી કરી તેના ત્રણ કોળિયા સવારે ખાવા અને ત્રણ કોળિયા રાત્રે ખાવા એવો નિયમ પણ કર્યો હતો.

પછી દિવસમાં ક્યારેય બીજું કશું જ લેતાં નહીં. પાણી પણ પીતાં નહીં ! ફળ ખાવાનાં હોય તો ફળનાં પણ ત્રણ જ કોળિયા. ત્યારે અનાજ લેવાનું નહીં. આ ત્રણ કોળિયામાં ફળ, અનાજ જે લેવું હોય તે આવી જતું. એથી વિશેષ કશું જ નહીં.

આવું વ્રત લગભગ આઠ મહિના ચાલ્યું.

ભોજન અંગેનો બીજો નિયમ પણ ઘણા સમય સુધી ચાલ્યો હતો.

તેમાં સોમવાર ને ગુરુવારે એમ બે જ દિવસ ભાત ખાતાં હતાં.

બાકીના દિવસોએ માત્ર ફળ જ લેતાં હતાં. એમાં કોઈ વિશિષ્ટ ફળ નહીં.

જે સામાન્ય ફળ મળે તે પણ થોડી માત્રામાં લઈ લેતાં.

આવું વ્રતપાલન પણ છ મહિના સુધી કર્યું હતું.

પછી સાધનામાં એક અવસ્થા એવી પણ આવી કે હાથેથી કંઈ ખાઈ શકતાં નહોતાં. બીજા લોકોએ ખવડાવવું પડતું.

ત્યારે નવો નિયમ કર્યો કે, ખવડાવનાર એક શ્વાસમાં જેટલું ખવડાવી શકે તેટલું જ દિવસમાં ખાવું.

આમાં પાણીનો પણ સમાવેશ થઈ જતો.

એમાં પણ વળી પાછો નવો નિયમ કર્યો કે એક શ્વાસમાં, બે આંગળી ને અંગૂઠાની વચ્ચે, જેટલું અન્ન આવી શકે તેટલું જ ખાવું.



એ વિના બીજું કંઈ જ નહીં. આ રીતે પાંચ માસ ચલાવ્યું હતું.

વળી છ મહિના નવો નિયમ કર્યો. સવારે-સાંજે ભાતના ત્રણ દાણા ખાઈને રહેવું. વચ્ચે છ મહિના તો અનાજ મોઢે પણ અડાડ્યું નહોતું. એમણે ગુરુ પ્રિયાદીદીને કહ્યું હતું : "મારા મોઢામાં કોઈ અન્ન ન મૂકશો. મૂકશો તો તમારી પડતી થશે."

છ મહિના સુધી કશું જ ખાધું નહીં.

એ પછી, એક દિવસ ઓચિંતા જ, ભોળાનાથ જમતાં હતા ત્યારે તેઓ પણ જમવા બેસી ગયાં ! વિશિમાને કહ્યું : "બધા ભાત લાવો." તેમને ભાત અપાયો. તે દિવસે ભાજી ઓછી બનાવી હતી, તોપણ માગીને ખાધી. આટલા દિવસો સુધી અનાજ લીધું નહોતું, એટલે ક્રમશઃ ખાવાનું શરૂ કરવું એવો કોઈ નિયમ લાગુ પડતો નહોતો. એમના નિયમો એમના આગવા જ હતા. તે દિવસે આઠ-નવ માણસ ખાઈ શકે તેટલો ભાત એકલાં જ ખાઈ ગયાં !

જે કંઈ આપવામાં આવ્યું તે બધું જ ખાઈ ગયાં !

એ પછી ખાવાની બાબતમાં એવો નિયમ પણ પાળ્યો હતો કે બગીચાના ઝાડ પરથી જે ફળ જમીન પર પડે તે ફળ ખાઈને ચલાવવું.

બાગમાં કંઈ વધારે ફળઝાડ નહોતાં. આંબાનાં ને લીચીનાં ઝાડ હતાં. તે સમયે કંઈ કેરીની મોસમ પણ નહોતી.

છતાં પણ આ રીતે પાંચ-છ મહિના વિતાવ્યા હતા.

એકવાર એવોય નિયમ અપનાવ્યો કે યજ્ઞના અગ્નિમાં નાની તપેલીમાં છટાંક ભાત ને દાળ ભેગા કરી પકાવવા ને આખા દિવસમાં એટલું જ ખાવું. આ રીતે આઠેક માસ રહ્યાં હતાં.

એવોય એક નિયમ લીધો હતો કે ચોવીસ કલાકમાં માત્ર એક જ વાર શરબતનો ફક્ત એક જ ગ્લાસ પીવો. આ રીતેય તેમણે ઘણા દિવસો વિતાવ્યા હતા. ભાત ખાવો બંધ કર્યો હતો ત્યારે ભાતને ઓળખી પણ શકતાં ન હતાં ! એમણે પોતે જ કહ્યું હતું : "માણસ ત્યાગ કરવા પ્રયત્ન કરે છે, પણ મારું બધું વિપરીત છે, જેથી ત્યાગ ન થાય તેની વ્યવસ્થા કરું છું. તમે યાદ રાખીને ત્રણ દાણા ખવડાવજો. એમ ન બને તો હાથેથી ખાવાનું બંધ થઈ ગયું તેમ ભાત ખાવાનું પણ બંધ થઈ જશે. આ નહીં જેટલું ખાવાનું પણ બંધ થઈ જશે."

આથી માના મુખમાં ભાતના ત્રણ દાણા મૂકવામાં આવતા. પણ એક દિવસે તો એ પણ ન મળ્યા. તે દિવસે સિદ્ધેશ્વરીમાં હતાં, ત્યાં આખો દિવસ એમ જ પસાર થઈ ગયો.

રાત્રે માએ કહ્યું : 'આજે મને ભાત નથી આપવો ?' પછી કહ્યું : 'નજીકમાં કોઈને ત્યાંથી પણ ચોખાના ત્રણ દાણા લઈ આવો. તેને શેકીને મારા મોઢામાં મૂકો.'

પછી એ રીતે શેકેલા ત્રણ દાણા ચોખા ખવડાવ્યા.

આ જ હતું તેમનું ચોવીસ કલાકનું ભોજન !

સાધનાના વિવિધ ભાવોમાં ભોજનના પણ વિવિધ નિયમો આ રીતે બદલતા રહ્યાં. બધી સાધનાક્રિયા પૂરી થઈ ગઈ ને ભાવો શમી ગયા. પછી પણ માનું ભોજન અલ્પ જ રહ્યું. એક દિવસ ઉપવાસ કરતાં, એક દિવસ જમતાં, તે પણ અલ્પાહાર જ. તન અને મનના કાયદાઓ કરતાં કુદરતનો કાયદો નિરાળો છે. જેઓ પરમાત્મામાં સતત વસતા હોય તેઓ અલ્પાહારી કે દિવસો સુધી અનાહારી રહે તો પણ શક્તિઓ ટકી રહેતી.

સાધનાવસ્થા દરમિયાન આનું નક્કર પ્રમાણ માએ પૂરું પાડ્યું.

**ઈશ્વર ખૂબ ખૂબ દયાળુ અને ક્ષમાશીલ છે. કોઈ કારણ કે હેતુ વગર એની દયા, એની કૃપા દરેકના ઉપર તે ક્ષણે ક્ષણે વરસાવતો રહે છે. એને પ્રાપ્ત કરવા જીજ્ઞાસુ બની તમારો હાથ લંબાવો, હથેળી ઊંચી કરો, વ્યાપારી વૃત્તિ (વણિયા વૃત્તિ)નો ત્યાગ કરો.**

**"મેં બની શકે તેટલું શ્રેષ્ઠ રીતે કામ કર્યું, પણ કશું પરિણામ ન આવ્યું, મારા ગયા જન્મના કર્મફળો મેં ભોગવ્યાં. પ્રભુ, તેં એ મને આપ્યાં, તું તારી કૃપા મારી ઉપર વરસાવી રહ્યો છે !" જો માણસ આવા જુસ્સાથી જીવે તો અંતિમ શ્રેયની પ્રાપ્તિની આશા રાખી શકાય.**

**– 'શ્રી શ્રી મા'**





## 'હજુ લાવો !'

તે સમયે મા કશું ખાતાં નહોતાં. આથી બધાંને ખૂબ ચિંતા થતી : આમ ને આમ ખાધાં વગર શરીર ક્યાં સુધી ટકશે ? આથી જ્યોતિષ બાબુ (ભાઈજી) એ દિદિમાને કહ્યું : "હું મેંદો ને ઘી મોકલાવી આપીશ. રોજ બેચાર પુરીઓ બનાવી તમે ખવડાવજો." માને ખબર ન પડે તેમ જ્યોતિષબાબુનો માણસ મેંદો-ઘી આપી ગયો. માને ખબર પડે તો તે જ દિવસે આ બધી સામગ્રી બધાંને વહેંચી આપે. આથી આ વાત છાની રાખી.

વ્યવસ્થા મુજબ બેત્રણ દિવસ આ રીતે પુરીઓ ખવડાવી.

આ વ્યવસ્થા સારી રીતે ચાલી રહી છે તે જાણી ભાઈજીને આનંદ થયો પણ એક દિવસ માએ કહ્યું :

'ઘરમાં જેટલો મેંદો છે તે બધાંની આજે પુરીઓ બનાવો.'

તે દિવસે જ્યોતિષ બાબુને પણ ઘેર આવવા કહેવડાવ્યું. એ આવ્યા ત્યારે માએ કહ્યું : "તમે જોજોને, આજે હું કેટલી બધી પુરીઓ ખાઈ જાઉં છું તે !" એમ કહી બનાવી હતી તે બધી પુરી ખાઈ ગયાં.

પછી હસતાં હસતાં બોલ્યાં : "હજુયે પુરીઓ સિલકમાં હોય તો લાવો, તેય ખાઈ શકું તેમ છું. પણ આ પ્રમાણે ખાઈશ તો કેટલે દિવસે ખાઈ રહીશ ?" એમ બોલી હસવાં લાગ્યાં. કહ્યું : "આ પ્રમાણે ખાઈશ તો તમારા બધા પૈસા ખૂટી જશે. માટે આજથી કહી રાખું છું કે હવે ઘી ને મેંદો મોકલતા નહીં, આમ કરવું પોષાય નહીં."

એ પછી કેટલાય દિવસો સુધી પુરી ખાધી જ નહીં !

કોઈ ખાવા માટે બહુ આગ્રહ કરતું ત્યારે ખાતા ખરાં, પણ પછી બીમાર પડી જતાં. એટલે કહેનારને પસ્તાવો થતો. પછી દુરાગ્રહ કરતાં નહિ. ઘણા પ્રસંગો એવા બન્યાં છે કે કોઈએ આવીને ખાવા માટે બહુ આગ્રહ કર્યો હોય અને પછી મા ગંભીરતાથી ખાવા લાગ્યાં હોય તો પછી તે દિવસે ખાતાં ધરાય જ નહીં. ખાધા જ કર્યું હોય, બસ ખાધા જ કર્યું હોય. એટલે આગ્રહ કરનાર ડરી જાય અને પછી

વધુ આપવાનું જ બંધ કરી દે. ત્યારે મા કહેવા લાગે : ''કેમ હવે વધુ ખાવાનું નહીં આપો ? આમ તો કહો છો કે ખાવ...ખાવ ને ખાવા બેસું છું ત્યારે આપતા નથી. કહો, મારે શું કરવું હવે ?''

પણ પછી આગ્રહ કરનાર વધુ આપે જ નહીં. ભોળાનાથ પણ ઘણીવાર આવી સ્થિતિ જોઈ ખાવાનું ન આપતા કે આગ્રહ પણ ન કરતા. પણ મા પોતે પોતાની ઈચ્છાથી ગમે તેટલું ખાતાં તો કંઈ જ થતું નહિ, પણ ખવડાવવાનો કોઈ દુરાગ્રહ કરે તો માંદા પડી જતાં.

વિશિમા શાહબાગમાં આવ્યાં ત્યારે તો મા કશું ખાતાં નહીં. એક દિવસ માને ખવડાવવાની ઈચ્છા ભોળાનાથ પાસે તેમણે વ્યક્ત કરી. સામાન્ય રીતે તો ભોળાનાથ માની ઈચ્છાની વિરુદ્ધ કંઈ જ કરવા કહેતા નહિ પણ વિશિમાના આગ્રહને લીધે માને ભોગ સ્વીકારવા કહ્યું : ભોળાનાથે કહ્યું એટલે માએ સ્વીકારી લીધું કે, 'ભલે, જે વસ્તુ આવી પહોંચે તે કરો, એટલે દૂધ મળતાં દૂધપાક બનાવ્યો.'

અડધો મણ દૂધનો બનાવ્યો. તે દિવસે સ્વજનોને પણ આમંત્રણ આપ્યું. ભોગ ધરાવ્યા પછી માએ વિશિમાને કહ્યું :

'મને કંઈ મિષ્ટાન્ન ન ખવડાવશો.'

એટલે વિશિમા દૂધપાક લાવ્યાં. માને આપ્યો. તે ખાઈ ગયાં. પછી વધુ માગ્યો ! તેયે ખાઈ ગયાં. આમ માગતા જાય ને વિશિમા આપતા જાય. અડધો મણ દૂધપાક ખલાસ થઈ ગયો ! તેમણે તો હજુયે માગ્યો ! તેથી ફરી દૂધ મંગાવી દૂધપાક મૂક્યો.

પણ આવતા વાર લાગી એટલે તેઓ તો રડવા માંડ્યા ! તેમાં ચોખા બરાબર ચઢ્યા નહોતા તોય ઠંડો કરી ખાવા આપ્યો. બધો જ દૂધપાક ખાઈ ગયાં તોય તેમનો અંદરનો અગ્નિ શમ્યો નહિ. આથી વિશિમાને ભય લાગ્યો : ''તેઓ કદી આવું તો કરતાં નથી. આટલું ખાતાં નથી ને આજે તેમને થઈ શું ગયું છે ? હવે શું કરીએ તો અંદરનો અગ્નિ શાંત થઈ જાય !''

ત્યારે સ્મરણ થયું કે સીતામાતાએ હનુમાનની આવી અતૃપ્તિની આગને શાંત કરી હતી. આથી એમણે એક મંત્ર ભણી માના માથા ઉપરથી થોડી ખીર છાંટી અને એ પછી માની અંદરનો અગ્નિ શાંત થઈ ગયો. પણ માએ માથા ઉપર જે વસ્ત્ર ઓઢ્યું હતું ત્યાં, જ્યાં જ્યાં ખીરના છાંટા પડ્યા ત્યાં તે વસ્ત્ર બળી ગયું હતું !

આમ માનું ભોજન લેવું ન લેવું બધું અસામાન્ય હતું. માનવ તનમનના કોઈ નિયમો લાગુ પડતાં ન હતા. દિવસો સુધી અનાજ વગર પણ ચાલતું હતું ને એક દિવસમાં અઢાર શેર જેટલી ખીર કે સત્યાસી જેટલી પુરી ખાવાની અસાધારણ ઘટના પણ સહજ હતી.



જ્યોતિષબાબુ (ભાઈજી) 'માતૃદર્શન'માં આ વિશે લખે છે :

''આવી રીતે ભોજન લેતી વખતે, તેમજ કોઈ કોઈ વાર ભોજન લીધા બાદ કેટલીક વાર સુધી મામાં અસામાન્ય ભાવ જણાતો.' મા કહેતાં હતાં : ''મેં આટલું બધું ખાધું છે એ હકીકત તો તમે કહી ત્યારે જ જાણી ! ખાતી વખતે ખૂબ ખાઉં છું એવું જણાતું જ નથી. એ વખતે મિષ્ટાન્ન તો શું ઘાસ, પાંદડાં કે ઈચ્છામાં આવે તે પદાર્થ આપો, કોઈપણ જાતના ભેદભાવ વગર ખાઈ જઈશ.''

આવું આવું ખાવાથી શરીરમાં કોઈ પ્રકારની અસ્વસ્થતા આવતી નહિ. ખાવાની તો વાત શી, તે વખતે તેમના ખ્યાલમાં જે કામ આવતું તે કરી નાખતાં. એ કામ ભલે પછી આપણા મનને અયોગ્ય જણાતું હોય, તોપણ અવળું પરિણામ આવતું આવતું નહીં. પરમાત્મા સાથે સંલગ્ન ચેતનાની ભૂમિકામાં જે બને છે તેને માનવમન 'ચમત્કાર' માને છે પણ દિવ્ય ચેતનાના નિયમો જુદા જ છે અને માની સઘળી ક્રિયાઓ સીધેસીધી એમાંથી ઊતરી આવતી હતી એટલે સામાન્ય માણસને નવાઈ પમાડે તેવી લીલા કરી રહ્યાં હતાં.

**ઈશ્વર પૂર્ણરૂપ છે, આમ, પૂર્ણપ્રકાશની પ્રાપ્તિ માટે મનુષ્યે તેની જ પાસે જવું જોઈએ. સંસારમાં ઈશ્વરની અનુપસ્થિતિના ખ્યાલથી જ શોક ઉત્પન્ન થાય છે. જ્યારે ઈશ્વર પ્રકાશિત થાય છે, ત્યારે બેપણું-દ્વૈત-રહેતું નથી-શોકને માટે ત્યાં સ્થાન હોતું નથી.**

**– 'શ્રી શ્રી મા'**



# 'ભાગ્ય તને અહીં લાવ્યું છે !'

૧૯૨૬ના જાન્યુઆરીના કોઈ એક દિવસ ઢાકાના સિવિલ સર્જન શશાંકમોહન મુખોપાધ્યાય શાહબાગમાં માનાં દર્શને ગયા હતા.

પ્રથમ દર્શને જ માના દિવ્ય સ્વરૂપને ઓળખી ગયા.

ઘેર આવીને પુત્રી આદરિણીને કહ્યું : 'ખુકુ, શાહબાગના મા, ખરેખર દિવ્યભાવમાં રહે છે, તે કોઈ સાધારણ મનુષ્ય નથી.'

પિતાને મુખે સાંભળી ધર્માનુરાગી પુત્રીના મનમાં માને મળવાની ઈચ્છા જાગી. આમ તો તે હંમેશાં એકાકી જ રહેતી. યુવાન વયે તેને પરણાવી તો હતી પણ ધર્મપારાયણ કિશોરી કદી સાસરે ગઈ જ નહીં. પોતાનો સઘળો સમય પૂજા, પાઠ ને ધર્મધ્યાનમાં વિતાવતી. સ્વભાવ એટલી હદે એકાકી હતો કે સાધુસંતોને ય મળતી નહીં ને કોઈની સાથે વાત પણ કરતી નહીં, પણ પિતાજીએ શાહબાગનાં માની વાત કરી ત્યારે, કોણ જાણે કેમ, અંતરમાં પ્રબળ ઈચ્છા ઊઠી કે પિતાજીની સાથે તેય ત્યાં જાય. પણ તે દિવસે પિતાની પાસે ઈચ્છાને પ્રગટ ન કરી શકી. એટલે, બીજે દિવસે પિતા એકલા જ ગાડીમાં ત્યાં ગયાં, પણ પિતાની ગાડી જેવી રવાના થઈ કે અંતરમાં ન સમજાય તેવું દર્દ થવા લાગ્યું, સડકના ઓટલા ઉપર ઊભી ઊભી બસ રડવા જ લાગી. આવું તો ક્યારેય અનુભવ્યું નહોતું. જેમને જોયા નથી, જેમના વિશે કંઈ જ જાણતી નથી, બે દિવસે પહેલાં તો જેમનાં અસ્તિત્વ વિશે પણ કંઈ જ ખબર નહોતી, એવી વ્યક્તિના દર્શન કરવા ન જવાયું તેમાં આટલું બધું રડવું કેમ આવે છે ? હૃદય વલોવાઈ જાય તેવું દુ:ખ કેમ થાય છે ? કંઈ જ સમજાતું નહોતું તેને.

એ સાંજ તો એમ જ ગમગીનીમાં પસાર થઈ ગઈ.

રાત્રે પિતાજી પાછા આવ્યા ને મા વિશે ઘણી ઘણી વાતો કરી ત્યારે અંતરની ઝંખના વધુ પ્રબળ બની ગઈ. નક્કી કર્યું કે તે કાલે તો પિતાજી સાથે ત્યાં જશે જ. પણ તેના મનની આ ઈચ્છા પ્રગટ કરવાની જરૂર જ ન પડી. પિતાએ કહ્યું: "માએ કહ્યું કે હવે આવું ત્યારે તને સાથે લઈ જવી." અહા ! આ શું સાંભળી રહી હતી તે !



સ્વયં મા પણ તેની રાહ જોઈ રહ્યાં હતાં, એની તો ત્યારે તેને બિલકુલ ખબર ન હતી. બીજે દિવસે મા પાસે જવાનું છે એ વિચારે તે આનંદવિભોર બની ગઈ.

બીજે દિવસે બપોરે પિતાની સાથે ત્યાં આવી પહોંચી. "આ શું !? આમને તો જાણે કેટલાય સમયથી ઓળખું છું !" પ્રથમ દર્શને જ આ ભાવ જાગ્યો. સીધી માની સમક્ષ જઈને ઊભી રહી. તેમની સામે બરોબર જોવા લાગી. આંખમાં જોતાં યુગોનો પરિચય ક્ષણમાં જાગી ઊઠ્યો અને પછી તો માનાં ચરણોમાં મસ્તક આપોઆપ ઢળી પડ્યું. એ પછી ઊંચું જોતાં, માના બાહ્ય પરિવેશ પ્રત્યે નજર પડી. પહોળી કિનારની પહેરેલી લાલ સાડી, કપાળ સુધી કાઢેલો ઘૂંઘટ, કપાળમાં કંકુનો મોટો ચાંદલો, દૈવી આભાથી ચળકતું મુખ. કોઈ દિવ્ય જગતમાં પહોંચી ગઈ હોય તેવી આંસુભીની લાલઘૂમ આંખો ! આદરિણી તો માના આ દિવ્ય સ્વરૂપમાં ઓગળવા જ લાગી. જો કે તે પહેલી જ વાર આ સ્વરૂપને નિહાળી રહી હતી, છતાં અંતરમાંથી એવું અનુભવી રહી હતી કે જાણે ગાઢ સંબંધ છે ! ત્યાં તો એકદમ ધીમો અસ્પષ્ટ અવાજ આવ્યો. તેઓ શું બોલતાં હતાં તે સમજાયું નહીં. પિતાજીએ ત્રણ વરસના માના મૌનની તેને વાત કરી હતી, એટલે તેણે માની લીધું કે તેને લીધે આવું થતું હશે. પણ પાછળથી જણાયું કે થોડો સમય પણ ચૂપચાપ બેસી રહેતાં તો પણ ફક્ત જીભ જ નહીં, આખું શરીર જકડાઈ જતું અને તે સમયે પણ તેણે આ સ્થિતિ નજરે નિહાળી. માનો ભત્રીજો આશુ નિશાળેથી આવ્યો. તેને ખાવાનું પીરસવા ગયાં. પણ હાથ તો જકડાઈ જ જતો હતો, કંઈ જ ઉપાડી શકતો નહોતો. ખૂબ પ્રયત્ન કરી મહામુસીબતે ખાવાનું પીરસ્યું. આ જોતાં જ આદરિણીને થયું કે તે માને મદદ કરે. પણ ત્યારે તો એવો કોઈ જ પરિચય નહોતો એટલે સંકોચવશ કંઈ કહ્યું નહીં, પણ એની ઈચ્છા ભલે અપ્રગટ હતી છતાં માએ ઝીલી અને નજીકના ભવિષ્યમાં જ એ સાકાર બની.

માએ સ્વ-હસ્તે બધા માટે પાન બનાવ્યાં.

તેમાંથી એક પાન આદરિણીને આપી કહ્યું : 'લે, પાન ખા !'

'મા, હું કદી પાન ખાતી નથી.'

'પણ હું ખાઉં છું ને એટલે તને પણ આપું છું.'

'ઠીક, આપ આપો છો તો ખાઈશ.' આમ કહી પાન લઈ લીધું ત્યારે મા સામે જોયું તો ભાવાવેશમાં જ હતાં. આંખ પણ બરાબર ખૂલી શકતી નહોતી. આવો ભાવ અગાઉ કોઈનામાં જોયો નહોતો. આથી મુગ્ધ બની માની ચેષ્ટાઓ જોયા કરતી હતી. ધીમે ધીમે માએ થોડી વાતો કરી પણ પછી બેઠા હતા તે વચલા ઓરડાનું

બારણું બંધ કરી દીધું. આગળના ઓરડામાં ભોળાનાથ, શશાંકબાબુ ને અન્ય પુરુષો બેઠા હતા. બારણું બંધ કર્યા પછી બહુ જ સારી રીતે વાતો કરવા લાગ્યાં. પછી એકાએક કહ્યું : ''આટલા દિવસ તમે ક્યાં હતાં ?'' કહી હસતાં હસતાં સામે જોવા લાગ્યાં.

આવો જ પ્રશ્ન કર્યો હતો રામકૃષ્ણદેવે નરેન્દ્રને. અધ્યાત્મ જગતની બીજી વિભૂતિ પોતાની સમક્ષ ઊભેલી યુવતીને આજે ફરીને કહી રહ્યાં હતાં. કેમ કે, રામકૃષ્ણદેવની જેમ જ તેઓ પણ જાણતાં હતાં કે તેમની દિવ્ય લીલાની આ પાર્ષદ છે !

થોડીવાર પછી માએ કહ્યું : ''તમે બેસો, હમણાં આવું છું.''

તેને એમ કે તેને અહીં બેસાડી મા ક્યાંક બહાર જઈ રહ્યાં છે, એટલે કહ્યું : ''લો, હું મળવા આવીને તમે તો અહીંથી જતાં રહો છો !''

પણ મા કંઈ બોલ્યાં નહીં, તેમ ક્યાંય બહાર પણ ગયાં નહીં. ત્યાં જમીન ઉપર જ સૂઈ ગયાં. આદરિણીએ 'કથામૃત' વાંચ્યું હોવાથી સમજતાં વાર ન લાગી કે આ તો માની સમાધિની સ્થિતિ છે ! તે માની સમીપ ગઈ. તેમનો સ્પર્શ કરી ક્યાંય સુધી બેસી રહી ને પછી મા જાગ્યાં ત્યારે ઘણું અસ્પષ્ટ બોલવા લાગ્યાં. પછી ધીમે ધીમે વાણી સ્પષ્ટ થઈ ગઈ. પછી ઘણીવાર સુધી વાતો કરી. એ પછી શશાંકબાબુ અને બીજાએ પણ માનાં દર્શન કર્યાં. રજા લેતી વખતે શશાંકબાબુને કહ્યું : ''ફરી આવો ત્યારે આને સાથે લાવજો.''

બીજા દિવસથી જ મા પાસે જવાનો આદરિણીનો નિત્યક્રમ થઈ ગયો. આ વિશે ગુરુપ્રિયાદીદી પોતે લખે છે : ''આમ, હું રોજ એકવાર માનાં દર્શન કરવા જતી. પણ પછી તો માને મળવા મન અત્યંત અધીર થઈ જતું. એટલે હું દિવસના બબ્બેવાર માનાં દર્શને જવા લાગી. ધીમેધીમે મા સાથે ગાઢ પરિચય થતાં, વારંવાર જવા લાગી. કામમાં ને પીરસવામાં મદદ કરવા લાગી. આથી માને બહુ જ આનંદ થયો. કહ્યું : ''ભાગ્યે તને અહીં મોકલી આપી છે. હવે આ શરીરથી જોઈએ તેવું કામકાજ થતું નથી. તેથી મને મદદ કરવા ભાગ્ય અહીં લઈ આવ્યું છે.''

માની વાત સાંભળી આદરિણીને થયું કે જેની તે પ્રતીક્ષા કરી રહી હતી એ ઘડી હવે આવી પહોંચી છે. જે જીવન-ધ્યેયની શોધમાં તેનું અંતર એકાકી રહીને ચિંતન કરી રહ્યું હતું એ ધ્યેય હવે તેની સમક્ષ પ્રગટ થયું છે ને તેણે માનાં ચરણોમાં પોતાની જાતને સમર્પી દીધી.





## 'પછી તમે મને ખવડાવજો !'

એક દિવસ શશાંકબાબુએ મા ને ભોળાનાથને પોતાને ત્યાં જમવા માટે આમંત્ર્યાં. તે દિવસે માને ત્રણ કોળિયા અન્ન લેવાનો દિવસ હતો. છતાં ભોળાનાથે કહ્યું એટલે ત્યાં ગયાં તો ખરાં.

માએ ભોળાનાથને કહ્યું : ''તમે, પહેલા જમી લો તો ? હું ખુકુની સાથે જમું તો ?'' આદરિણીને મા 'ખુકુની' કહેતાં હતાં. બંગાળી ભાષામાં એનો અર્થ થાય છે, નાની બહેન.

ભોળાનાથે સંમતિ આપી. પણ કહ્યું : ''ડૉક્ટર બાબુએ પહેલી વાર આમંત્રણ આપ્યું છે. તમારા માટે ભાતભાતની રસોઈ બનાવી છે. માટે આજે તો બધી જ વાનગી ખાવી પડશે.''

માનો નિયમ તો ત્રણ કોળિયાનો જ હતો, પણ પતિ આજ્ઞા થતાં મા યથાસાધ્ય નિયમ ભંગ પણ કરી લેતાં. નિયમોનું કોઈ બંધન નડતું નહોતું. વળી પોતાની ઈચ્છાએ તો કોઈ નિયમ પોતા પર લાદતાં ન હતાં. એ તો અંતરમાંથી જે સ્ફુર્યો હોય ને જે સમયે જે નિયમ લેવાયો તે પળાયો. થોડા દિવસ જળવાય ને પછી વળી બીજો નિયમ ટપકી પડે ! આથી નિયમો અંગે કોઈ જડ વલણ હતું જ નહીં.

પતિ-આજ્ઞા થતાં, જમી રહ્યા પછી ખુકુનીનો હાથ ઊંચો કરી માએ કહ્યું : ''ચાલો, સાથે બેસીને જમી લઈએ. મારી આવી સ્થિતિ થયા પછી કોઈની સાથે ક્યારેય જમવા બેઠી નથી.''

ભોળાનાથની થાળીમાં ખુકુની સાથે મા જમવા બેઠાં. થોડું ખાઈને ખુકુનીને ભાત ખાવા આપ્યો. ત્યારે કહ્યું : ''મા, તમે જે આપશો તે ખાઈશ.'' નહીંતર એ દિવસોમાં ખુકુની માત્ર બટાકા-ભાત જ ખાતી હતી. પણ મા તો બધું જ ખવડાવવા લાગ્યાં. તેથી તેને વિચાર આવી ગયો કે આવું બધું ખાવાથી તે માંદી પડશે, કેમ કે, ત્યારે માની શક્તિનો કોઈને એવો પરિચય નહોતો. તેથી આવી શંકા જાગી હતી.

માને હસતાં હસતાં કહ્યું : ''તમે તો ખાતાં નથી ને મને જ ખવડાવ્યા કરો છો !?''

આથી મા બધાંની સાથે કબર પાસે ગયાં. પણ તે દિવસે મુખમાંથી એક શબ્દ ન નીકળ્યો. ઘણી વાર ત્યાં બેસી રહ્યાં. પછી એકાએક ઊઠીને ઊભાં થઈ ગયાં. એટલે મુખમાંથી કુરાનની આયતોનું ઉચ્ચારણ આપોઆપ થવા લાગ્યું. એ સાંભળી પ્યારીબાનુની પુત્રવધૂ બોલી : ''આ તો કુરાનની આયતો છે.''

ત્યાં હાજર રહેલાં સહુ વિસ્મિત બની ગયાં.

તે દિવસે અગાઉની જેમ નમાજ પઢી નહીં. અગાઉ તો માનાં અંગપ્રત્યંગો નમાજની ક્રિયા વખતે એ જ રીતની ક્રિયા કરવા લાગ્યાં હતાં. કયું અંગ કયે ભાવે વાળવું એ બાબતમાં કહ્યું :

''આનું બહુ સુંદર રહસ્ય છે, પણ સામાન્ય રીતે કોઈ જાણતું નથી. બધા માત્ર બાહ્યાચાર જ કરે છે.''

કુરાનની ભાષા વિશે કહ્યું : ''મારી ઈચ્છાથી કશું કરતી નથી. અંતરમાંથી બધું બહાર આવે છે. ભાષા, અવાજ, એ બધું આપણામાંથી નીકળે છે. આનો શો અર્થ ? આ બધું શું ? એનો આપણા અંતરમાં પ્રકાશ છે. બધી વખતે એ પ્રકાશ તમને જણાતો નથી. બાકી જ્યારે જ્યારે કંઈ થાય ત્યારે તરત જ અંતરમાં તેના અર્થનો પ્રકાશ પથરાઈ જાય છે.''

જે રીતે માના મુખમાંથી સંસ્કૃત સ્તોત્રો પ્રગટ થતા હતા એ જ રીતે કુરાનની આયતો પણ પ્રગટ થઈ. મનની ભૂમિકાથી ક્યાંય ઊંચે જ્યાંથી પરા વાણી પ્રગટે છે ત્યાં ચેતના પહોંચી ગઈ હોય તેને માટે વેદ, કુરાન, અવસ્તા કે બાઈબલ આ બધાંની જ્ઞાનવાણી સ્વયંભૂ પ્રગટતી હોય છે. સાધનાવસ્થાની આ એક સહજ સિદ્ધિ છે. એથી જ, શાસ્ત્રોનો કોઈ જ અભ્યાસ કર્યો ન હોવા છતાં, એમનામાં સર્વ પ્રકારનું શાસ્ત્રજ્ઞાન સ્વયંસ્ફુરિત હતું.





## સિદ્ધેશ્વરીના વૃક્ષનું સૂક્ષ્મદર્શન

બાજિતપુરમાં ભાવદશામાં ઘણી વખત પીપળાના વૃક્ષનાં દર્શન થતાં હતાં. ત્યાં કોઈ શક્તિસ્થળ રહેલું છે એવુંય જણાતું. ઉપરાંત આ વિશાળ વૃક્ષ જાણે કે ત્યાં તેજોમય સ્વરૂપે રહેલું છે તેવીયે અનુભૂતિ થતી હતી. એના ઉપર કોતરેલું નામ પણ સૂક્ષ્મમાં જોયું :

'સિદ્ધેશ્વરી વૃક્ષ'

પછી પતિને પૂછ્યું : ''સિદ્ધેશ્વરી નામનું કોઈ સ્થળ અહીં છે ખરું ?''

''મારા ખ્યાલમાં તો આવું સ્થળ આટલામાં ક્યાંય નથી. છતાં હું તપાસ કરીશ.'' એમ કહી પતિ તપાસ કરવા લાગ્યા, પરંતુ આવી ભાળ મળી નહીં. આથી આ વાત વિસારે પડી.

પરંતુ શાહબાગમાં રહેવા આવ્યાં ત્યારે માના અંતરમાં સિદ્ધેશ્વરીનું નામ ફરી ગુંજવા લાગ્યું. હવે અહીં તપાસ શરૂ કરી. ઘણાને આ વિશે પૂછ્યું, પણ ક્યાંયથી આશાસ્પદ ઉત્તર ન મળ્યો. છતાં શોધ ચાલુ રાખી. ભોળાનાથના બાળમિત્ર બાઉલચંદ્ર બસાક અવારનવાર તેમને ત્યાં આવતા હતા.

ભોળાનાથે એમને પૂછ્યું ત્યારે કહ્યું : ''હા, એ તો અહીંથી ઘણું નજીક છે. હું વારંવાર ત્યાં જાઉં છું. તમારે જવું હશે તો લઈ જઈશ.''

આ સાંભળી ભોળાનાથ રાજી રાજી થઈ ગયા.

માને સમાચાર આપ્યા : 'સિદ્ધેશ્વરીની ભાળ મળી ગઈ છે.'

બીજે જ દિવસે, પતિને લઈ, બાઉલબાબુની સાથે પહોંચી ગયાં.

સ્થળ જોતાં જ કહ્યું : ''આ જ છે સૂક્ષ્મદર્શનમાં જોયેલું સ્થળ.''

આ વિશે માએ જણાવ્યું હતું : ''એક દિવસ બાઉલ આવ્યો અને સિદ્ધેશ્વરી લઈ ગયો. પીપળાનું પેલું વૃક્ષ પડી ગયું હતું. તેને જોતાં જ સ્પર્શ કર્યો. એનાં પાંદડાંને હાથ અડાડ્યો ત્યારે ખ્યાલ આવ્યો કે આ જ વૃક્ષને સૂક્ષ્મમાં જોયું હતું. બાઉલના મોઢે સાંભળ્યું કે ઘણા વખત પહેલાં અહીં મંદિરો વગેરે નહોતાં. પાછળથી સંબરવન નામના સંન્યાસીએ આ મંદિરની સ્થાપના કરી. આ સ્થળે ત્રણ વૃક્ષ ભેગાં

હતાં, તેથી તેનું નામ તિન્તરી પડ્યું. બીજાં બે વૃક્ષ હાલ હયાત નથી. આ વૃક્ષ જ એકલું રહ્યું છે. લોકોક્તિ એવી છે કે આ પીપળાના વૃક્ષમાંથી એક જ્યોતિ બહાર નીકળીને, મંદિરની કાલીની મૂર્તિમાં મળી ગઈ છે."

મા ત્યાં ગયાં ત્યારે તો આ મંદિર સાવ ખંડિયેર જેવું બિહામણું હતું. તે રાત્રે માએ ફરી ફરીને મંદિર જોયું. થોડીવાર રોકાઈ પાછા ફર્યાં ત્યારે લાગ્યું કે આ સ્થળ સાથે ગાઢ નાતો છે.



માઁ- દીદીમાં સાથે





## સિદ્ધેશ્વરીમાં સાધના

તે દિવસે માએ પતિને કહ્યું : "આજે બજારમાંથી સવા શેર બટાકા, સવા શેર મગની દાળ, એક નાળિયેર, સવા શેર ચોખા ને સવા શેર મગ લેતા આવજો."

"કેમ, આજે કંઈ વિશેષ ભોગ ધરાવવાનો છે ?" 'હા'

પતિએ માની લીધું કે આજે મા નૈવેદ્ય ધરાવવાનાં છે. બજારમાંથી બધી વસ્તુઓ લાવ્યા, પણ મગ ન મળ્યા. માને યાદ આવ્યું કે, તેઓ દ્વિજેન્દ્રબાબુ વકીલને ત્યાં તેમના માંદા પુત્રને જોવા ગયાં હતાં ત્યારે મગને સૂકવેલા જોયા હતા. ત્યાંથી મગ મંગાવ્યા. સાથે પૈસા પણ મોકલ્યા. પણ વકીલ બાબુએ પૈસા ન લીધા.

માએ ફરી પૈસા મોકલી કહેવડાવ્યું : "પૈસા નહીં લે તો કામ વખતે એમને ત્યાં નહીં આવું." આવી શરત એમને મંજૂર નહોતી; એટલે ચૂપચાપ પૈસા સ્વીકારી લીધા.

માએ તો આ બધી વસ્તુઓનું પોટલું વાળ્યું. પછી બપોરે પતિને કહ્યું : "ચાલો, સિદ્ધેશ્વરી જઈએ. માને ત્યાં ભોગ ધરાવવાનો છે."

પતિ ને મા ત્યાં ગયાં. મા એ રસોઈ કરી. કાલીમાતાને ભોગ ધરાવ્યો. જમ્યાં. પાછા ફરવાનો વખત થયો ત્યારે પતિને કહ્યું. "હું તો અહીં રહીશ."

પતિ તો સ્તબ્ધ બની બોલી ઊઠ્યા : "અરેરે, આવા જંગલમાં, એકલાં શી રીતે રહેશો ? મારે તો દિવસે નોકરીએ જવાનું છે. હું નહીં રોકાઈ શકું."

"પણ હું ક્યાં એકલી છું ! મા કાલી છે ને ? મારે તો સાત દિવસ રહી અહીં સાધના કરવાની છે. તમે જાઓ. હું નહીં આવું."

માએ મક્કમપણે કહી દીધું. પતિ જાણતા હતા કે સાધનાનો નિશ્ચય કર્યો છે તેમાં ફેરફાર નહીં કરે. ઈચ્છા વિરુદ્ધ વર્તાય તો કેવાં ભયાનક પરિણામ આવે છે તેનોય અનુભવ હતો. એટલે માની ઈચ્છા સ્વીકારી લીધી. તે રાત્રે તેઓ પણ રોકાઈ ગયા.

માએ કાલીમંદિર પાછળની નાની ઓરડીમાં રહેવાનું રાખ્યું. પતિ સિદ્ધેશ્વરીના નૈવેદ્યવાળા ઓરડામાં રહ્યાં. બીજે દિવસે એવી વ્યવસ્થા ગોઠવી કે, દિવસે ડૉ. શશાંકબાબુ ત્યાં રહે ને રાત્રે પતિ ત્યાં રહે. બાઉલચંદ્રને આ વાતની જાણ થતાં ત્યાં